સુવિચાર

''થોગડું મારતાં આવડવું એ પણ એક કળા છે. પછી એ વસ્ત્રમાં મારવાનું હોય કે વાતમાં...!''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૦૪૦


## અગાઉ સત્તાપક્ષનાં અને હવે, વિપક્ષી નગરસેવિકાનો આક્ષેપ

# અમરેલીમાં કચરાનાં નિકાલ કાર્યમાં કૌભાંડની આશંકા

**સાવરકુંડલા માર્ગ ઉપર એકત્ર થતી શહેરની તમામ ગંદકીનો નિકાલ કરવાનાં કાર્યમાં કંઈક ગોલમાલ હોવાની ચર્ચા**

**કરોડો રૂપિયા પાલિકાને મળતાં હોય કંઈક ખોટું થયાનું સૌ માનવા તૈયાર**

**જો કે પાલિકાનાં સત્તા પક્ષનાં આગેવાનોએ સમગ્ર કામગીરી પારદર્શી રીતે થતી હોવાનું જણાવાયું**

**પાલિકાની ચૂંટણી ડોકિયા કરતી હોય આ પ્રકરણ વધુ ગતિ પકડે તેવું લાગી રહ્યું છે**



અમરેલી, તા. ૨૯

અમરેલીની ભાગોળે સાવરકુંડલા માર્ગ ઉપર શહેરભરમાંથી એકત્ર કરાયેલ કચરાનાં નિકાલનાં કાર્યમાં ગોલમાલ હોવાની આશંકા અને અગાઉ શાસક પક્ષનાં નગરસેવકોએ કર્યા બાદ હવે, વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ આશંકાથી તમામ વિગતો માંગતા આ પ્રકરણ આગામી ચૂંટણીમાં મહત્વનો મુદો બને તેવું લાગી રહ્યું છે.

પાલિકાનાં વિપક્ષી નેતાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને જરૂરી પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. તેઓએ જણાવેલ છે કે, સિમેન્ટ પ્લાન્ટ/વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું RDF નિકાલ પ્રમાણપત્ર પાલિકા કે પ્રોજેકટ સાઈટ પર ઉપલબ્ધ છે.

વધુમાં જણાવેલ છે કે, શું કોઈ ઔપચારિક RDF નિકાલ કરાર કરવામાં આવ્યો છે, શું સાઈટ પર ઓછામાં ઓછી ૧૫ મેટ્રિક ટન પ્રતિ


અનુસંધાન પાના ૬ ઉપર


### ગુજરાત હાઈકોર્ટમાં મામલો પહોંચતા

# અમરેલી તાલુકા ભાજપનાં પૂર્વ પ્રમુખ ઉપર દાખલ થયેલ એટ્રોસીટીની ફરિયાદ રદ

**એડવોકેટ નિશીથ આચાર્ય અને જે.આર. વાળાની દલીલો સફળ**

અમરેલી, તા. ૨૯

અમરેલી તાલુકા ભાજપનાં પૂર્વ પ્રમુખ પર દાખલ થયેલ એટ્રોસીટીની ફરિયાદ ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૫૦૪૯૫/૨૫થી બી.એન.એસ. કલમ ૩૫૧(૧), ૩(૧)(૫), ૩(૨)(વી.એ.) મુજબ ફરિયાદ દાખલ થયેલ. જે કામની વિગત એવી કે સાયલા તાલુકાનાં સુદામડા ગામ મુકામે આમ આદમી પાર્ટીની મીટીંગ હોય અને અમરેલી તાલુકાનાં લોકો ત્યાં ગયેલ હોય જે કામે આ કામનાં ફરિયાદીને આ કામનાં આરોપી દ્વારા ટેલીફોનીક ચર્ચા થયેલ




અનુસંધાન પાના ૬ ઉપર


### ૪ કિ.મી.નાં માર્ગમાં માત્ર ૧ કિ.મી. સાઈડ ભરી સંતોષ માન્યો

# બાબરા : ધરાઈ–મોણપુર માર્ગનું કામ અધવચ્ચે લટક્યુ

**નવા બનેલ માર્ગ ઉપર ડામરનાં ઊંચા થરથી અકસ્માતને આમંત્રણ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા તાલુકાના ધરાઈથી મોણપુર ગામને જોડતા ચાર કિલોમીટરના માર્ગ પર તંત્રની અણઘડ કાર્યપદ્ધતિ સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષોની પ્રતીક્ષા બાદ રાજય સરકાર દ્વારા આ માર્ગનું નવીનીકરણ કરી પેવર રોડ તો બનાવી આપવામાં આવ્યો, પરંતુ રોડની બંને સાઈડમાં ડામરના ઊંચા થર અને ઊંડા કાપા એમનેમ છોડી દેવાતા આ રસ્તો વાહનચાલકો માટે 'ડેન્જર ઝોન' બની ગયો છે. આ માર્ગ ધરાઈ અને મોણપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે મુખ્ય કડી સમાન છે, કારણ કે ચિતલ અને અમરેલી જવા માટે દરરોજ સેંકડો લોકો અહીંથી પસાર થાય છે.

નવો રોડ ઉંચો હોવાથી નાના વાહનચાલકો જયારે સામેથી આવતા મોટા વાહનને સાઈડ આપવા જાય છે, ત્યારે ડામરના ઉંચા દળને


અનુસંધાન પાના ૬ ઉપર





















# અમરેલી ખાતે નીલકંઠ જવેલર્સ દ્વારા ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ






અમરેલીના સુપ્રસિદ્ધ નીલકંઠ જવેલર્સ દ્વારા દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સમગ્ર શોરૂમને 'તિરંગા થીમ' થી સુશોભિત કરવામાં આવ્યો હતો અને વિવિધ રાષ્ટ્રભકિતના ચિત્રો દ્વારા ગ્રાહકોમાં દેશપ્રેમની જયોત જલાવવામાં આવી હતી. આ ગૌરવશાળી પ્રસંગે અમરેલીના અનેક પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલીના સભ્યો, રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના સભ્યો, અને રોટરેક્ટ ક્લબ અમરેલી ગીરના પદાધિકારીઓ તથા ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણીઓ અને વેપારી મહામંડળના સભ્યો આ ઉપરાંત અમરેલીના નામાંકિત ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ અમરેલી), ડોકટર નીતિનભાઈ ત્રિવેદી અને તેમનો સ્ટાફ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એક અનોખી પહેલ રૂપે ઉપસ્થિત સર્વ મહેમાનો અને નાગરિકોના ખિસ્સા પર 'તિરંગાની પીન (બ્રોશ)' લગાવીને તેમનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ મહાનુભાવોને ' દેશભકિતના પુસ્તકો' અર્પણ કરી રાષ્ટ્રપ્રેમની અનોખી રીતે જયોત જલાવવામાં આવી હતી. આતિથ્ય સત્કાર રૂપે ઉપસ્થિત સર્વ મહેમાનોનું આઈસ્કીમ દ્વારા મોં મીઠું કરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં વિશેષ આકર્ષણ અને પ્રેરણાનું કેન્દ્ર મૂકબધિર શાળાના બાળકો રહ્યા હતા, જેમનું નીલકંઠ જવેલર્સ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરી તેમની મુલાકાતને યાદગાર બનાવવામાં આવી હતી. શહેરના રાજમાર્ગો પર દેશભકિતના સુરાવલીઓ સાથે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી, જેમાં બાઈક રેલી અને ફોર–વ્હીલર રેલી દ્વારા સમગ્ર વાતાવરણ દેશભકિતમય બની ગયું હતું. કાર્યક્રમના અંતે નીલકંઠ જવેલર્સના માલિકો કેતનભાઈ, પ્રકાશભાઈ અને કંદર્પભાઈએ તમામ મહેમાનોનું સ્વાગત કરી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે કંદર્પભાઈએ જણાવ્યું હતું કે, ''આ પ્રજાસત્તાક પર્વ આપણને બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજોની યાદ અપાવે છે; વિકસિત ભારતના નિર્માણ માટે આપણે સૌ સંકલ્પબદ્ધ છીએ.'' આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અમરેલીના નગરજનો, સામાજિક આગેવાનો અને ગ્રાહકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે ઉર્જાવાન યુવાન વિપુલ પોંકિયાની નિમણૂંક કરવામાં આવી



અમરેલી, તા. ૨૯

તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અમરેલી જીલ્લામાં તાલુકા અને શહેર કોંગ્રેસના નવા પ્રમુખોની નિમણૂક કરવામાં આવી છે, જેમાં અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે લોક સેવક અને ઉર્જાવાન યુવાન શ્રી વિપુલ પોંકિયાની નિમણૂક કરવામાં આવી છે, વિપુલ પોંકિયાનો સરળ સ્વભાવ સદાય હસતો ચહેરો, નિડર અને નિખાલસ વ્યકિતત્વથી સૌ કોઈ પરીચીત છે, વિપુલ પોંકિયાની કામ કરવાની પધ્ધતિથી કોંગ્રેસના પક્ષના આગેવાનો, કાર્યકરો તથા લોકો તેની સાથે લાગણીથી જોડાયેલા છે, આમ તો વિપુલ પોંકિયાને કોલેજકાળથી તેમના મિત્ર વર્તુળમાં પ્રમુખ તરીકે સૌ કોઈ બોલાવતા હતા, પણ આજે વર્તમાન સમયમાં ખરેખર કોંગ્રેસ પક્ષના પ્રમુખ બની ગયા ત્યારે તેના મિત્ર સર્કલમા ખૂબ જ આનંદની લાગણી વ્યાપી ગઈ છે, આમ તો વિપુલ પોંકિયા અને મનિષ ભંડેરીની જોડીને રામ–લક્ષ્મણની જોડી તરીકે સમગ્ર અમરેલી જીલ્લામાં લોકો ઓળખે છે, મનિષ ભંડેરીના પ્રમુખ તરીકેના ૮ વર્ષના કાર્યકાળને લોકો સદાય યાદ રાખશે, મનિષ ભંડેરીની કાર્ય કરવાની પધ્ધતિ અને દરેક સમાજને સાથે રાખીને ચાલવાની નીતિથી કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો અને લોકો તેની સાથે ગાઢ લાગણીથી જોડાયેલા છે, અમરેલી તાલુકાના રાજકારણમાં મનિષ ભંડેરીએ કંડારેલી કેડી પર વિપુલ પોંકિયા કોંગ્રેસ પક્ષના સિધ્ધાંતો મુજબ ચાલીને કોંગ્રેસ પક્ષને મજબૂત કરવાનું કામ કરશે તેવી સૌ કોઈ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો લાગણી વ્યકત રહ્યા છે.

## રોગ અનુસાર દેસી ગાયના ઘીનો ઉપયોગ



અમરેલી, તા. ૨૯

દેશી ગાયના ઘીના વિવિધ ઉપયોગ પ્રાચીન સમયથી દર્શાવવામાં આવ્યા છે. જયાં કદાચ એલોપેથી દવાનો ઉપયોગ પણ નિષ્ફળ નીવડે ત્યાં દેશી ગાયનું ઘી અવશ્ય કામ કરે છે અને રોગનું ચોક્કસ નિદાન કરે છે. ગાયનું ઘી નાકમાં નાખવાથી ગાંડપણ દૂર થાય છે તેમેજ કોઈપણ પ્રકારની એલર્જી પણ દૂર કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી લકવા રોગનું નિદાન થાય છે. ૨૦ થી ૨૫ ગ્રામ ગાયના ઘી સાથે સાકર મિશ્ર કરીને લેવાથી દારૂ, ભાંગ કે અન્ય કોઈપણ નશા છોડાવી શકાય છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી કાનના પડદા ઓપરેશન વગર ઠીક કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી દિમાગ તરોતાજા રહે છે. કોમામાં રહેલી વ્યકિતના નાકમાં ઘી નાખવાથી તેની ચેતના પાછી આવે છે. હાથ અને પગમાં જો બળતરા થતી હોય તો ગાયનું ઘી પગના તળિયા પર ઘસવું અસરકારક બને છે. જો એડકી સતત આવતી હોય તો અડધી ચમચી ગાયનું ઘી લેવાથી એડકી બંધ થઈ જશે. ગાયનું ઘી દરરોજ લેવાથી કબજિયાત અને એસિડિટીની સમસ્યા નિવારી શકે છે. ગાયનું ઘી શકિત અને વીર્ય વધારે છે તેમજ શારીરિક અને માનસિક શકિતમાં પણ વધારો કરે છે. ગાયના ઘીને બાળકોની છાતી અને પીઠ પર માલિશ કરવાથી કફની સમસ્યા દૂર થાય છે. જો વધારે અશકિત લગતી હોય તો એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું ઘી અને સાકર નાખીને પીવાથી રાહત મળે છે. ગાયના ઘી દ્વારા શરીરમાં કેન્સરના કોષ જન્મતા અટકે છે આ ઉપરાંત શરીરમાં કેન્સરને ફેલાતું અટકાવે છે. જે વ્યકિતને હદય રોગની તકલીફ હોય અને તેલવાળું ખાવાની મનાઈ હોય એ વ્યકિત દ્વારા ગાયના ઘીના સેવનથી હદય મજબૂત થાય છે. દેશી ગાયના સેવનથી આંતરડા અને સ્તનના કેન્સરથી બચી શકાય છે. ગાયનું ઘી, છાલ સાથે પીસેલ કાળા ચણા તેમજ દળેલી ખાંડને મિશ્ર કરીને લાડુ બનાવી, દરરોજ સવારે એકદમ ચાવીને તેમજ હુંફાળું ગરમ દૂધ લેવાથી સ્ત્રી રોગમાં રાહત મળે છે તેમજ પુરૂષોનું શરીર બળવાન બને છે. સર્પદંશ થતાં ગાયનું ઘી ૧૦૦ થી ૧૫૦ ગ્રામ પિવડાવવું અને ત્યારબાદ હુંફાળું ગરમ પાણી બની શકે તેટલું પિવડાવવું જેનાથી ઊલટીની સાથે સર્પનું જેર બહાર આવશે. ગાયનું ઘી વજન સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે, ઉપરાંત કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે. સવારના સમયમાં ગાયનું ઘી નાકમાં નાખવાથી માઈગ્રેનની સમસ્યા દૂર કરી શકાય છે. માથું દુખવાને કારણે શરીરમાં ગરમી થતી હોય છે, ગાયના ઘીને પગના તળિયે ઘસવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. ઠંડા પાણીમાં ગાયનું ઘી નાંખીને ઘીને પાણીથી અલગ કરવું, આ પ્રક્રિયા લગભગ ૧૦૦ વાર કરવી. ત્યારબાદ તેમાં થોડું કપૂર નાખવું. આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું ઘી એક ઔષધિ બનશે જે ચામડીના રોગ માટે અતિ અસરકારક છે. આ મિશ્રણ સોરાઈસીસ માટે પણ અસરકારક છે. જો ગાયના ઘીની થોડીક બૂંદ દિવસ દરમ્યાન નાકમાં નાખવામાં આવે તો શરીરના ત્રિદોષ એટલે કે વાત્ત, પિત્ત અને કફને નિયંત્રણમાં લાવી શકાય છે.

વંદે ગૌ માતરમ

– મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## ૧૪ સિંહોનું ટોળુ કેમેરામાં કેદ થયુ



આપણાં ગુજરાતમાં એક સામાન્ય કહેવત છે કે, 'સિંહના ટોળા ના હોય' પણ આ કહેવત અમરેલી જિલ્લામાં અનેક વખત તદન ખોટી ઠરી છે. જિલ્લામાં એકલ દોકલ નહીં પણ ટોળા સ્વરૂપે સિંહ પરિવાર ફરતો હોય છે. ત્યારે ફરી એક વખત ગીરકાંઠાના ધારી પંથકમાં એક, બે નહીં પણ એકી સાથ ૧૪ સિંહોનું ટોળું મોબાઈલ કેમેરામાં કેદ થવા પામેલ છે. જેનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે. અમરેલી જિલ્લામાં સતાવાર રીતે સૌથી વધુ ૩૩૯ સિંહોની સંખ્યા નોંધાઈ છે. ત્યારે ગીર કાંઠાના ધારી પંથકમાં સિંહોનું સામ્રાજય જોવા મળે છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે ધારીના વાઘાવડી ગામ નજીક એક૧૪ સિંહનું ટોળું જોવા મળ્યું હતું. ગીર વિસ્તારમાં પાણી તથા ખોરાકની અછત હોય ત્યારે કેટલાંક સિંહ પરિવાર રાત્રીના અંધારામાં શિકાર તથા પાણીની શોધમાં નીકળેલા ૧૪ સિંહો જોવા મળતાં ત્યાંથી પસાર થતાં એક વાહન ચાલકે આ સિંહોના ટોળાને મોબાઈલ કેમેરામાં કેદ કર્યુ હતું અને બાદમાં વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

### અજાણ્યા વાહનચાલકે ૨૨ જાન્યુઆરીના રોજ અકસ્માત કરેલ

## લાઠીનાં હીરાણા ગામના પાટીયા નજીક અકસ્માત સર્જનાર બસ ચાલકની અટકાયત

### સીસી ટીવીની મદદથી બસ ચાલક ઝડપાયા



અમરેલી, તા. ૨૯

લાઠી નજીક ભાવનગર–રાજકોટ હાઈ–વે રોડ ઉપર હીંરાણા ગામના પાટીયાથી આગળ વહેલી સવારના બનલે અકસ્માતના અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી લાઠી પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં લાઠી તાલુકાના હીંરાણા ગામના પાટીયાથી થોડે દુર જાનબાઈ દેરડી ગામ તરફ જતા ભાવનગર–રાજકોટ રોડ ઉપર ગત તા.૨૨ ના રોજ વહેલી સવારના એક અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુર ઝડપે અને બેફીકરાઈથી ચલાવી એક અજાણ્યા રાહદારીને ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયેલ હતો.

આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૦૬ (૧), ૧૨૫ (એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો નોંધાયેલ હતો.

જે અન્વયે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા લોક ભાગીદારીથી લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારના ચાવડ આઉટ–પોષ્ટ ખાતેના સી.સી.ટી.વી. ફુટેજ તેમજ જાનબાઈ દેરડી ગામ ખાતેના સી.સી.ટી.વી.ફુટેજ આધારે અકસ્માત કરી નાશી છુટેલા લકઝરી બસ નં. એઆર–૦૬ સી–૯૯૨૫ ના ચાલક વિસાવદર ગામે રહેતા આરોપી આસીફભાઈ આરીફભાઈ ઘોઘારી નામના આરોપીને ઝડપી પાડી અકસ્માતના ગુન્હાનો ભેદ લાઠી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ઉકેલી નાખેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## લાઠી : પીપળવા–દેરડી માર્ગ ઉપર રૂપિયા ૩.૫૦ કરોડનાં ખર્ચે બ્રિજ બનશે

### સમગ્ર પંથકની જનતામાં ખૂશીનો માહોલ

અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકાના પીપળવાથી દેરડી સુધીના માર્ગ પર લાંબા સમયથી માંગણી રહેલા માઈનોર બ્રીજને અંતે મંજૂરી મળતા સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી ફેલાઈ છે. રાજય સરકાર દ્વારા રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે આ મહત્વપૂર્ણ માઈનોર બ્રીજને મંજૂરી અપાવવામાં આવી છે, જે માટે ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયાસો અને દ્રઢ રજૂઆતો મુખ્ય કારણ બન્યા છે.

પીપળવા–દેરડી માર્ગ લાઠી તાલુકાના અનેક ગામોને જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. વરસાદી ઋતુ દરમિયાન નાળાં અને પાણીના પ્રવાહને કારણે વાહનવ્યવહાર ખોરવાતો હતો, જેના લીધે ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ખાસ કરીને ખેતીપાકોના વહન, શાળાએ જતા બાળકો અને ઈમરજન્સી સેવાઓમાટે આ માર્ગ અત્યંત મહત્વનો છે.

ધારાસભ્ય આ સમસ્યાને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. તેમના અથાક પ્રયત્નોના પરિણામે આજે આ માઈનોર બ્રીજને મંજૂરી મળતા સ્થાનિક જનતાને કાયમી ઉકેલ મળશે. બ્રીજના નિર્માણથી વરસાદી પાણીના વહેણમાં સરળતા રહેશે તેમજ વર્ષભર વાહનવ્યવહાર સુરક્ષિત અને સુગમ બનશે.


આ બ્રીજના નિર્માણથી આસપાસના ગામોના આર્થિક વિકાસને પણ વેગ મળશે. ખેતી ઉત્પાદનો સમયસર બજાર સુધી પહોંચશે, વેપાર–ધંધામાં વૃદ્ધિ થશે અને સમગ્ર વિસ્તારમાં આવનજાવન વધુ સરળ બનશે. સ્થાનિક લોકોએ આ મહત્વપૂર્ણ વિકાસકાર્ય બદલ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો છે અને આશા વ્યકત કરી છે કે આવનાર સમયમાં પણ આવા જ લોકહિતના કાર્યો આગળ વધતા રહેશે.

લાઠી તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેલા ધારાસભ્યના પ્રયાસોથી આ માઈનોર બ્રીજ મંજૂર થવું એ વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### પુ. મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં

## ચલાલા : યુગ નિર્માણ ગાયત્રી પરિવાર દ્વારા ૪ કલાકારોને કાનજી ભુટ્ટા એવોર્ડ અર્પણ કરાશે

### ડો. રતિદાદા દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી




ચલાલા, તા. ૨૯

સમગ્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં જેમનું નામ છે. તેવી સંસ્થા ગાયત્રી પરિવાર ચલાલા ધ્વારા આગામી તા. ૧/૨/૨૦૨૬ને રવિવારના રોજ ગુજરાતના ઘરેણા સમાન ચાર શ્રેષ્ઠ કલા સાધકો (૧) હેમંતભાઈ ચૌહાણ (ભજનિક), (૨) ઘનશ્યામભાઈ લખાણી (લોક સાહિત્યકાર), (૩) ગોપાલભાઈ બારોટ (લોક વાર્તાકાર), (૪) મરણોત્તર એવોર્ડ ડો. સ્વ. નટુદાદા જોષી (ઉદઘોષક)ના પરિવારને કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડ ૨૦૨૬ આપી સન્માનિત કરવામાં આવશે.

આ એવોર્ડ વિશ્વ વંદનીય પુ. મોરારીબાપુના હસ્તે અને સંસ્થાના વડા પુ. સંત ડો. રતિદાદા (સેવા અને તબીબી શ્રેત્રે એવોર્ડ વિજેતા)ની પ્રેરણાથી આપવામાં આવશે.

સાથે સાથે તા. ૧/૨/૨૦૨૬ને રવિવારે રાત્રે ૯ કલાકે ભવ્ય લોક ડાયરો યોજાશે. જેમાં હેમંત ચૌહાણ, ઘનશ્યામ લાખાણી, ગોપાલ બારોટ, રાજવીર બારોટ, અભિરાજ બારોટ જેવા કલાકારો ડાયરાની રમજટ બોલાવશે.

તેમજ સંસ્થા ધ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ અને સંસ્કૃત શકિત ગુરૂકુળના દીકરા–દીકરીઓ ધ્વારા ભવ્ય વાર્ષિક મહોત્સવ યોજાશે.

સમગ્ર આયોજન સંસ્થાના વડા પ.પુ. સંત. ડો. રતિદાદા તથા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા કાનજી ભૂટા બારોટ લોક કલા ફાઉન્ડેશનના પ્રમુખ મનુભાઈ બારોટ ધ્વારા થઈ રહ્યું છે.

તો આ કાર્યક્રમમાં પધારવા સર્વોને ભાવભર્યુ નિમંત્રણ છે.

## રાજુલા : આઈ.ટી.આઈ. ખાતે ૩૧ જાન્યુઆરીએ રોજગાર ભરતી મેળો

અમરેલી, તા. ૨૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજુલા ધ્વારા આગામી તા. ૩૧/૧/૨૦૨૬ રાજય સરકારના માર્ગદર્શન અને કુશળતા વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), રાજુલા ખાતે ૧૦:૩૦ કલાકે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં વિઠ્ઠલાપુર અમદાવાદ સ્થિત મોટરસાઈકલ અને સ્કૂટર બનાવતી પ્રતિષ્ઠિત કંપની ધ્વારા ભાગ લેવામાં આવશે. જેમાં ધો. ૧૦ પાસ ભાઈઓ માટે આઈ.ટી.આઈ.ના ફિટર, વેલ્ડર, ઓટોમોબાઈલ, ઈલેકટ્રોનિકસ તથા બહેનો માટે ધો. ૧૦ પાસની શૈક્ષણિક લાયકાત અથવા ITI COPAની લાયકાત ધરાવતા ૧૮ થી ૨૬ વર્ષના ઉમેદવારો માટે તક છે.

કંપનીના નિયમો અનુસાર ઉમેદવારોને રૂપિયા ૨૦,૬૩૧ (CTC) જેટલો પગાર તથા હોસ્ટેલ, સ્ટાફ બસ વગેરે જેવી અન્ય સુવિધાઓ સાથે ઓફર કરવામાં આવશે. તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

### મોડી સાંજે હૃદયદ્રાવક ઘટના સામે આવી

## બાબરા : રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર કાર અને બાઈક વચ્ચે અકસ્માત : વૃધ્ધનું મોત

### અન્ય એક યુવક ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં મોડી સાંજે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. રાજકોટ–ભાવનગર હાઈવે પર રામદેવપીરના મંદિર પાસે ફોરવહીલ કાર અને ડબલ સવારી બાઈક વચ્ચે જોરદાર ટક્કર થતા એક વૃધ્ધનું સ્થળ પર જ મોત નીપજયું છે, જયારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે.

મળતી માહિતી મુજબ, લાઠી તાલુકાના વીરપુર ગામના ભીખાભાઈ નથુભાઈ જોગાણી (ઉ.વ. ૭૦) અને મહેશભાઈ શાંતિભાઈ ચૌહાણ પોતાનું બાઈક (નંબર જીજે–૧૪–જે–૧૯૯૧) લઈને બાબરાથી પોતાના ગામ વીરપુર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ભાવનગર રોડ પર સામેથી આવી રહેલી કાર (નંબર જીજે–૧૪–બીએ–૭૮૬૦) સાથે તેમનું બાઈક ધડાકાભેર અથડાયું હતું.

એકનું મોત, એક સારવાર હેઠળ આ અકસ્માત એટલો ભયાનક હતો કે ૭૦ વર્ષીય ભીખાભાઈ જોગાણીનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. જયારે બાઈક પર સવાર મહેશભાઈ ચૌહાણને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્તને પ્રથમ બાબરા અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ બાબરા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ (પીએમ) અર્થે ખસેડી છે અને કાર ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આમ આદમી પાર્ટીનાં અગ્રણી જે.ડી. કથિરીયાનું નિવેદન

# દેવભૂમિ દેવળિયા ગામનો એપ્રોચ રોડ બનાવવામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

**નવા બનેલ રોડમાં ૧૦ સ્થળોએ ગાબડા પડી ગયા**

**પુલ, નાળાઓ બનાવવામાં માત્ર માટી નાખવામાં આવી હોવાનો આક્ષેપ**

**રૂપિયા ૨.૨૭ કરોડનાં ખર્ચે બનેલ રોડની વિજિલન્સ તપાસ કરવા માંગ કરી**

**કથિત કૌભાંડમાં જે કોઈ જવાબદાર હોય તેમની સામે કાર્યવાહી કરવા માંગ**






અમરેલી, તા. ૨૯

આશરે એક વર્ષ પહેલાં અમરેલીના દેવભૂમિ દેવળિયા ગામે અંદાજે રૂપિયા ૨ કરોડ ૨૭ લાખના ખર્ચે બનાવાયેલા દેવળિયા એપ્રોચ રોડના કામમાં કોન્ટ્રાકટર દ્વારા ભ્રષ્ટાચાર થયો હોવાના એંધાણ વર્તાય રહ્યા છે. આ શંકાસ્પદ ભ્રષ્ટાચારના એંધાણોને ધ્યાનમાં લઈ કામરેજ તાલુકા પંચાયતના વિપક્ષ નેતા જે.ડી. કથિરીયા ગામના સ્થાનિક વ્યકિત હરેશ માધડ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. સ્થળ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે પુલ ઉપર આર.સી.સી. કામ કરવાની જગ્યાએ માત્ર માટી નાખીને તેના ઉપર ડામર પાથરી દેવામાં આવ્યું છે.

આમ આદમી પાર્ટીના નેતા જે.ડી. કથિરીયાએ આ મુદ્દે વાત કરતાં જણાવ્યું હતું કે, સાવરકુંડલાથી દેવભૂમિ દેવળિયા રોડ પર આશરે બે મહિના પહેલાં અમે અહીં વીડિયો બનાવ્યો હતો અને લોકોએ લાઈવ માધ્યમથી રજૂઆત કરી હતી કે આ રોડના કામમાં ભ્રષ્ટાચાર થયો છે. આ રોડ માટે એક વર્ષની અંદર આશરે રૂપિયા બે કરોડ સત્તાવીસ લાખનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું, જેમાં પુલ, નાળાઓ સહિતની તમામ કામગીરીનો સમાવેશ થતો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, હકીકતમાં જોવામાં આવે તો ડામરનાં રોડ ઉપર લગભગ ૧૦ જેટલી જગ્યાએ ગાબડા પડી ગયાં છે. પુલનું કામ આશરે ૭૦ ટકા પૂરું થયેલું બતાવવામાં આવ્યું છે, પરંતુ આજે જ્યારે પુલની અંદર તપાસ કરી તો ત્યાં માત્ર માટી નાખવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ કામમાં ભારે પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો છે. તેઓએ સ્પષ્ટ માંગણી કરી હતી કે આ સમગ્ર મામલે તાત્કાલિક વિજિલન્સ તપાસ બેસાડવામાં આવે અને દેવળિયા એપ્રોચ રોડના કામની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આ ભ્રષ્ટાચારમાં કોન્ટ્રાકટરો ઉપરાંત સંડોવાયેલા સરકારી અધિકારીઓ કોણ છે, તેની પણ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

## સામાજિક કાર્યકર્તાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ચિતલ-જશવંતગઢ ખાતે સુવિધાસભર બસ સ્ટેન્ડ બનાવવા માંગ ઉભી થઈ

**આગામી બજેટમાં એક કરોડ ફાળવવા માંગ**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના ચિતલ-જશવંતગઢ ગામે આવેલ એસ.ટી. બસ સ્ટેન્ડની સગવડતા ન હોવાના કારણે લોકોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. મુસાફરો માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા, છત, પીવાનું પાણી, શૌચાલય, મુતરડી તેમજ મહિલાઓની સુરક્ષા જેવી મૂળભૂત સુવિધાઓનો સંપૂર્ણ અભાવ છે. પરિણામે રોજિંદા અવરજવર કરતા વિદ્યાર્થીઓ, મહિલાઓ, બાળકો અને વૃધ્ધોને ભારે મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

ચિતલ-જશવંતગઢથી દરરોજ ૧૦૦થી વધુ એસ.ટી. બસો પસાર થાય છે અને ચિતલ, જશવંતગઢ, ભીલા, ભીલડી, મોણપુર, રીકડીયા, ટીમ્બા, શેડુભાર, ખીજડીયા (જં.), લુણકી સહિત આસપાસના અનેક ગામોના મુસાફરો આ બસ સ્ટેન્ડ પર નિર્ભર છે. ઉનાળા, ચોમાસા અને શિયાળા દરમ્યાન મુસાફરોને ખુલ્લા આકાશ નીચે ઊભા રહેવું પડે છે, જે માનવ ગૌરવને આઘાત પહોંચાડે તેવી પરિસ્થિતિ છે.

આ સંદર્ભે સામાજિક કાર્યકર તથા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર ધ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી ચિતલ-જશવંતગઢ ખાતે નવું, સુવિધાયુક્ત એસ.ટી. બસ સ્ટેન્ડ તાત્કાલિક મંજુર કરવા અને રાજય બજેટમાં રૂા. ૧ કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવવા માંગ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે આ વિસ્તારના હજારો મુસાફરોની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખી સરકાર તાત્કાલિક કાર્યવાહી કરે તો જાહેર સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે અને વર્ષોથી ચાલતી મુશ્કેલીઓનો અંત આવશે. તેમ અંતમાં જણાવેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪





















લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન
૫૫" ટીવી
લેપટોપ
P.A. (માઇક) સીસ્ટમ
કોર્ડલેસ માઇક સીસ્ટમ
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન
સર્વેલન્સ સર્વિસીઝ
ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
મીડીયા નેટવર્ક
(કેટ-૬ & ફાયબર કેબલ)
ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેક્ટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49




### સુપ્રીમ કોર્ટે યુજીસીના નવા નિયમો પર સ્ટે લગાવી દીધો

# UGCના નવા નિયમો અસ્પષ્ટ, દુરુપયોગનો ખતરો : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે : આ મામલે વધુ સુનાવણી ૧૯ માર્ચે હાથ ધરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે UGC (University Grants Commission-UGC)ના નવા નિયમો પર સુનાવણી દરમિયાન મોટો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જ્યોમાલ્યા બાગચીની બેન્ચમાં આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, UGCના નવા નિયમો અસ્પષ્ટ છે અને તેનો દુરુપયોગ થવાનો ખતરો છે. આ પછી કોર્ટે યુજીસીના નવા નિયમો પર સ્ટે (રોક) લગાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૧૯ માર્ચે હાથ ધરવામાં આવશે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આદેશ આપતાં કહ્યું કે, ૨૦૧૨ના નિયમો ફરીથી લાગુ થશે. તેમણે કહ્યું કે, રેગ્યુલેશનમાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનાથી એવું લાગે છે કે આ રેગ્યુલેશનનો દુરુપયોગ થઈ શકે છે. એટલે કે આ નિયમોનો દુરુપયોગ થઈ શકે છે. જસ્ટિસ બાગચીએ કહ્યું કે, અમે સમાજમાં એક નિષ્પક્ષ અને સમાવેશી માહોલ બનાવવા પર વિચાર કરી રહ્યા છીએ. નોંધનીય છે કે, UGCના નવા નિયમો વિરુદ્ધ મૃત્યુંજય તિવારી, એડવોકેટ વિનીત જિંદલ અને રાહુલ દીવાને અરજીઓ દાખલ કરી છે.

અરજદારના વકીલ વિષ્ણુ શંકર જૈને સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, અમે યુજીસી એક્ટની કલમ 3(C)ને પડકારી રહ્યા છે અને તે બંધારણની વિરુદ્ધ છે. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પછી પણ દેશ જાતિની જંજાળમાંથી બહાર નથી નીકળી શક્યો. બીજી તરફ જસ્ટિસ જ્યોમાલ્યા બાગચીએ અમેરિકાની સ્થિતિનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે "મને આશા છે કે આપણે એવી સ્થિતિ સુધી નહીં પહોંચીએ જ્યાં અમેરિકાની જેમ અલગ-અલગ શાળાઓ હોય, જ્યાં એક સમયે અશ્વેત અને શ્વેત બાળકોને અલગ-અલગ શાળાઓમાં ભણવું પડતું હતું."

૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને (UGC) નવા નિયમો જાહેર કર્યા હતા, જેનું નામ છે પ્રમોશન ઑફ ઈક્વિટી ઈન હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન્સ રેગ્યુલેશન્સ, ૨૦૨૬. આ નિયમનો મુખ્ય હેતુ કોલેજ અને યુનિવર્સિટીમાં જાતિ આધારિત ભેદભાવ રોકવાનો હતો. ખાસ કરીને SC, ST અને OBC વિદ્યાર્થીઓને ત્રાસ, અપમાન કે અસમાન વર્તનથી બચાવવાનો. આ માટે દરેક કોલેજ-યુનિવર્સિટીને ઈક્વિટી કમિટી, ઈક્વોલ ઓપોર્ચ્યુનિટી સેન્ટર, ૨૪ કલાકની હેલ્પલાઈન અને મોનિટરિંગ ટીમ બનાવવાની સૂચના આપવામાં આવી હતી.

નિયમો મુજબ, આ ટીમ SC, ST અને OBC વિદ્યાર્થીઓની ફરિયાદોની તપાસ કરશે. સરકારનું કહેવું છે કે આ ફેરફારો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં નિષ્પક્ષતા અને જવાબદારી લાવવા માટે કર્યા છે. જોકે, જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓએ અને કેટલાક સંગઠનો-સંસ્થાઓએ આ નિયમોનો વિરોધ કર્યો હતો. દેશભરમાં નિયમોને લઈને વિરોધ થવા લાગ્યો હતો. આ નિયમો સામે દેશભરમાં પ્રદર્શનો થઈ રહ્યા હતા. UGC ઓફિસ બહાર વિદ્યાર્થીઓએ ધરણા કર્યા હતા. કેટલાક જનરલ કેટેગરીના લોકોએ રાજીનામાં પણ આપ્યા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો હતો. જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોનું કહેવું હતું કે સવર્ણ વિદ્યાર્થીઓને 'સ્વાભાવિક અપરાધી' બનાવી દેવામાં આવ્યા છે. નવા નિયમો કોલેજ કે યુનિવર્સિટી કેમ્પસમાં તેમની વિરુદ્ધ ભેદભાવને પ્રોત્સાહન આપી શકે છે. તેનાથી કોલેજોમાં અરાજકતા પેદા થશે. જોકે, આ નિયમોનો ભારે વિરોધ થયા બાદ સુપ્રીમ કોર્ટે હવે નવા નિયમ પર સ્ટે લગાવી દીધો છે.

CJI સૂર્યકાંતે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, યુજીસીના નવા નિયમો અસ્પષ્ટ છે અને આવી પરિસ્થિતિનો તોફાની તત્વો દ્વારા દુરુપયોગ થઈ શકે છે. તેમણે સોલિસિટર જનરલ તુષાર મહેતાને ટકોર કરતાં કહ્યું કે, કેટલાક પ્રતિષ્ઠિત લોકોની એક સમિતિ બનાવવા પર વિચાર કરો. જે મુદ્દાની સમીક્ષા કરે જેથી સમાજમાં કોઈ પણ પ્રકારના વિભાજન વગર આગળ વધી શકીએ અને સૌનો વિકાસ થાય.

અન્ય એક અરજી કરનારા વકીલે કહ્યું કે, જો હું એક સામાન્ય વર્ગનો વિદ્યાર્થી છું. કોલેજમાં સિનિયરને મને જોઈને ખબર પડી જશે કે હું ફ્રેશર છું. પછી મારી રેગિંગ થશે. જો તે સિનિયર SC-ST વર્ગનો હશે તો મારે જ કાર્યવાહીનો સામનો કરવો પડશે. મારી પાસે તો કોઈ સહારો નહીં રહે. આગોતરા જામીનનો કોઈ વિકલ્પ નથી, કારણ કે સરકારે પહેલેથી જ કાયદા બદલી નાંખ્યા છે. વિદ્યાર્થીનું કરિયર સમાપ્ત થઈ જશે. કેસની ગંભીરતાને જોતાં સુપ્રીમ કોર્ટે તાત્કાલિક ધોરણે આદેશ આપ્યા છે કે જૂના ૨૦૧૨ના જ નિયમો ફરીથી લાગુ કરાશે. જૂના નિયમો નવા નિયમો કરતાં વધુ સંતુલિત છે. સુપ્રીમ કોર્ટે આ મામલે નોટિસ જાહેર કરી છે. આગામી સુનાવણી ૧૯ માર્ચે કરાશે જ્યાં સમિતિની રચના તથા નિયમોની વ્યાખ્યા મુદ્દે આદેશ અપાશે.

### AAPના પક્ષમાં આવ્યા ફક્ત ૧૧ મત

# BJPએ ચંડીગઢ મેયરની ચૂંટણીમાં મારી બાજી

## વર્ષ ૧૯૯૬ પછી પહેલી વાર ભાજપને ૧૮ મત, આમ આદમી પાર્ટીને ૧૧ મત અને કોંગ્રેસને ૭ મત મળ્યા

ચંદીગઢ, તા.૨૯

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સૌરભ જોશી ચંડીગઢના નવા મેયર તરીકે ચૂંટાયા છે. ગયા વર્ષના વિવાદોમાંથી શીખીને વહીવટીતંત્રે પ્રિસાઈડિંગ ઓફિસર રમણીક સિંહ બેદીની દેખરેખ હેઠળ હાથ ઉઠાવીને મતદાન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. ૧૯૯૬ પછી પહેલી વાર ભાજપને ૧૮ મત, આપને ૧૧ મત અને કોંગ્રેસને ૭ મત મળ્યા હતા. મેયર, સિનિયર ડેપ્યુટી મેયર અને ડેપ્યુટી મેયરના પદ માટે ગુરુવારે મ્યુનિસિપલ કોર્પોરેશન હાઉસ ખાતે મતદાન થયું. વિજય માટેનો જાદુઈ આંકડો ૧૯ મત હતો. ત્રણેય પક્ષો (ભાજપ, કોંગ્રેસ અને આપ) એ ગઠબંધન બનાવવાને બદલે એકલા ચૂંટણી લડી હતી. જાહેર થયેલા પરિણામોમાં ભાજપના સૌરભ જોશીને ૧૮ કાઉન્સિલર મત મળ્યા, જ્યારે આપના યોગેશ ઢીંગરાને ૧૧ મત મળ્યા અને કોંગ્રેસના ગુરપ્રીત સિંહ ગબ્બીને ૭ મત મળ્યા હતા. આમાં ૬ કાઉન્સિલર મત અને સાંસદ મનીષ તિવારીનો એક મત સામેલ છે. બહુમતી માટે ૧૯ મતોની જરૂર હોવા છતાં ત્રિકોમીય મુકાબલામાં સૌરભ જોશીને તેમના સૌથી વધુ મત (૧૮) ના આધારે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.૧૯૯૬ પછી પહેલી વાર કાઉન્સિલરોએ મતપત્રનો ઉપયોગ કરવાને બદલે હાથ ઉંચા કરીને અને મૌખિક ઘોષણા કરીને મતદાન કર્યું હતું. મતદાન કર્યા પછી બધા કાઉન્સિલરોએ દસ્તાવેજો પર સહી પણ કરી હતી. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી ગૃહમાં પહોંચ્યા અને મતદાન કર્યું. મતદાન પહેલાં તેમણે તેમના પક્ષના ઉમેદવારો સાથે મુલાકાત કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિસાઈડિંગ ઓફિસર રમણીક સિંહે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે કડક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) લાગુ કર્યા, જેથી ગયા વખતની જેમ કોઈ ગોટાળો ન થાય.સૌરભ પંજાબ ભાજપના રાજ્ય મીડિયા વડા વિનીત જોશીના ભાઈ છે. ભાજપના જસમનપ્રીત સિંહ ચંડીગઢના સિનિયર ડેપ્યુટી મેયર તરીકે ચૂંટાયા હતા. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવી હતી. મતદાન પહેલાં આમ આદમી પાર્ટી કે કોંગ્રેસના મેયરના ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી ન હતી. મતદાન પહેલાં પ્રિસાઈડિંગ ઓફિસરે ઉમેદવારોને પૂછ્યું કે શું તેઓ પોતાનું નામાંકન પાછું ખેંચવા માંગે છે પરંતુ કોઈ ઉમેદવારે તેમ કર્યું નહીં. આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ મેયરની ચૂંટણી માટે પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા. મતદાન પહેલાં ભાજપ કાઉન્સિલરોની સંખ્યામાં આગળ હતો કારણ કે કોર્પોરેશનમાં તેના ૧૮ કાઉન્સિલરો છે. કાઉન્સિલરો હોવા છતાં AAP અને કોંગ્રેસે પણ ઉમેદવારો ઉભા રાખ્યા હતા.

AAP ૧૧ કાઉન્સિલરો સાથે બીજા સ્થાને છે, જ્યારે કોંગ્રેસ પાસે છ છે. વધુમાં કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી પાસે પણ એક મત છે. ગૃહમાં કુલ ૩૫ કાઉન્સિલરો છે અને ચંડીગઢના સાંસદે પણ એક મત આપ્યો છે, જેનાથી કુલ મત ૩૬ થયો છે. બંને પક્ષો (AAP અને કોંગ્રેસ) હજુ પણ ભાજપને રોકવા માટે એકબીજાને સાથે આવવા માટે આગ્રહ કરી રહ્યા હતા. પરંતુ બંને પક્ષો તરફથી કોઈ ગઠબંધન અથવા સાથે ચૂંટણી લડવાની કોઈ શક્યતા નહોતી કારણ કે આ પક્ષોએ પહેલાથી જ આ શક્યતાને નકારી કાઢી હતી.

### વિદ્યા પ્રતિષ્ઠાનમાં રાજકીય સન્માન સાથે કરાયા અંતિમ સંસ્કાર

# શોકમગ્ન મહારાષ્ટ્ર : અજિત દાદા પંચમહાભૂતમાં વિલીન

## તેમના દીકરા પાર્થ પવાર અને જય પવારે તેમને મુખાગ્નિ આપી : મુખ્યમંત્રી ફડણવીસ, એકનાથ શિંદે હાજર રહ્યા

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્રના બારામતીમાં બુધવારે ૨૮ જાન્યુઆરીએ સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું અવસાન થયું છે. આ દુર્ઘટના લેન્ડિંગના પ્રયાસ દરમિયાન સર્જાઈ હતી. વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત પાઈલટ કેપ્ટન સુમિત કપૂર, કો-પાઈલટ શાંભવી પાઠક, ફલાઈટ એટેન્ડન્ટ પિંકી માળી અને પર્સનલ સિક્યોરિટી ઓફિસર વિદીપ જાધવનું મોત થયું છે. આ ઘટનાએ સમગ્ર દેશમાં હલચલ મચાવી દીધી છે.

વિમાન દુર્ઘટનામાં અજિત પવારના નિધનથી મહારાષ્ટ્ર સરકારે ત્રણ દિવસના રાજકીય શોકની જાહેરાત કરી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળની AAIB (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો) આ દુર્ઘટનાની તપાસ કરી રહી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર આજે બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા છે. અજિત પવારનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો છે. તેમના દીકરા પાર્થ પવાર અને જય પવારે તેમને મુખાગ્નિ આપી હતી. આપને જણાવી દઈએ કે, અજિત પવારની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. તો અજિત પવારના અંતિમ સંસ્કારમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મંત્રી પંકજા મુંડે, રાધાકૃષ્ણ વિખે પાટીલ, NCP-SPના વરિષ્ઠ નેતા શરદ પવાર, NCPના કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ્લ પટેલ, પ્રદેશ NCP અધ્યક્ષ સુનીલ તટકરે અને રાજ્યમંત્રી હસન મુશ્રીફ સહિત અનેક નેતાઓ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવા બારામતીમાં વિદ્યા પ્રતિષ્ઠાન પહોંચ્યા હતા.

અજિત પવારના નિધન પર મહારાષ્ટ્રમાં ૩ દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. અજિત પવારને મહારાષ્ટ્ર રાજ્યના રાજકારણમાં પ્રભાવશાળી અને નિર્ણાયક નેતા માનવામાં આવતા હતા. અજિત પવારે પોતાની ૪૫ વર્ષની રાજકીય સફરમાં એક વખત સાંસદ, ૭ વખત ધારાસભ્ય અને ૬ વખત ડેપ્યુટી સીએમ તરીકે સેવા આપી. એટલું જ નહીં, તેઓ મહારાષ્ટ્રમાં સૌથી વધુ બજેટ રજૂ કરનારા નાણામંત્રી પણ રહ્યા છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં તેઓ રાજકીય ધુરી માનવામાં આવતા હતા, જેના કારણે મુખ્યમંત્રી ફડણવીસે તેમને પોતાના રાજકીય બેલેન્સ જાળવવા માટે સાથે રાખ્યા હતા.

અજિત પવાર તેમના કાકા શરદ પવારની આંગળી પકડીને રાજનીતિમાં આવ્યા અને તેમની છત્રછાયામાં રાજકીયની રણનીતિઓ શીખ્યા, પરંતુ સમય જતાં તેઓ મહારાષ્ટ્રના સૌથી પ્રભાવશાળી નેતા તરીકે ઉભરી આવ્યા. છેલ્લા ૧૬ વર્ષમાં મહારાષ્ટ્રમાં ગમે તે પક્ષની સરકાર રહી હોય, પરંતુ ડેપ્યુટી સીએમની ખુરશી હંમેશા અજિત પવાર પાસે જ રહી છે. પવાર, પોતાની પાછળ બે પુત્રો જય અને પાર્થ, પત્ની સુનેત્રા સહિત પરિવારને છોડી ગયા છે. તેમના નિધનથી મહારાષ્ટ્રની રાજનીતિને મોટી ખોટ પડી છે. અજિત પવાર છ વખત મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી રહ્યા હતા.

# ભારતનો જીડીપી દર સાત ટકાથી વધુ રહેવાની આશા

## કેન્દ્રીય બજેટ પહેલા દેશની આર્થિક બ્લુપ્રિન્ટ ગણાતો આર્થિક સર્વે ૨૦૨૬ સંસદમાં રજૂ કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય બજેટ પહેલા દેશની આર્થિક બ્લુપ્રિન્ટ ગણાતો આર્થિક સર્વે ૨૦૨૬ આજે સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, ભારત હવે સમગ્ર નાણાકીય વર્ષ માટે ૭ ટકાથી વધુ વાસ્તવિક આર્થિક વૃદ્ધિની અપેક્ષા રાખે છે અને વૃદ્ધિ બીજા વર્ષ માટે ૭ ટકાની આસપાસ રહેવાનો અંદાજ છે. આ સૂચવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં દેશની આર્થિક ગતિ મજબૂત રહી છે.જ્યારે ૨૦૨૫ ની શરૂઆત વિશ્વ અને ભારત માટે નવી આશાઓ સાથે થઈ હતી, ત્યારે આ વર્ષમાં વૈશ્વિક અને સ્થાનિક પરિસ્થિતિઓમાં ઘણા મોટા ફેરફારો જોવા મળ્યા. આમ છતાં, કોવિડ પછીના યુગમાં ભારતનું મજબૂત મેક્રોઈકોનોમિક પ્રદર્શન ચાલુ રહ્યું. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતીય અર્થતંત્રે સ્થિરતા અને આત્મવિશ્વાસ દર્શાવ્યો.

૨૦૨૫ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસ મજબૂત રહ્યો અને પછીના બે ત્રિમાસિક ગાળામાં વધુ વેગ મળ્યો. આ સમયગાળા દરમિયાન, કેન્દ્રીય બેંકે આર્થિક ગતિવિધિઓને સમર્થન આપવા માટે આક્રમક રીતે વ્યાજ દરોમાં ઘટાડો કર્યો અને બજારમાં તલતાની સ્થિતિને સરળ બનાવી. બદલાયેલી આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ૨૦૨૩ માં લાગુ કરાયેલા મેક્રો-પ્રુડેન્શિયલ પગલાં પણ હળવા કરવામાં આવ્યા હતા.

ફેબ્રુઆરીમાં રજૂ કરાયેલા નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બજેટમાં સરકારે સ્થાનિક ગ્રાહકોને નોંધપાત્ર કર રાહત આપી હતી, જેનાથી માંગમાં વધારો થયો હતો. વધુમાં, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં રાજકોષીય મોરચે પણ સારું પ્રદર્શન કર્યું હતું.

રાજકોષીય ખાધ ય્૨૫ ના ૪.૮ ટકા સુધી મર્યાદિત હતી, જે બજેટ અંદાજ ૪.૯ ટકા કરતા ઓછી હતી. સરકારે નાણાકીય વર્ષ ૨૬ માટે ખાધ ઘટાડીને ૪.૪ ટકા કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૧ માં ખાધને ૯.૨ ટકાથી અડધાથી વધુ ઘટાડવાના તેના ૨૦૨૧ ના વચનને પૂર્ણ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ભારતની આર્થિક શક્તિને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન, દેશને ત્રણ મુખ્ય ક્રેડિટ રેટિંગ એજન્સીઓ તરફથી રેટિંગ અપગ્રેડ મળ્યા હતા. મે મહિનામાં મોર્નિંગસ્ટાર DBRS, ઓગસ્ટમાં S&P અને સપ્ટેમ્બરમાં R&I એ ભારતના સૉવરેન રેટિંગને અપગ્રેડ કર્યું હતું. નોંધપાત્ર રીતે, S&P દ્વારા ભારતનું રેટિંગ BBB- થી BBB માં અપગ્રેડ કરવામાં આવ્યું હતું, જે લગભગ બે દાયકામાં કોઈ મોટી વૈશ્વિક એજન્સી દ્વારા આ પ્રકારનું પ્રથમ અપગ્રેડ હતું.

આર્થિક સર્વેઃ મુખ્ય મુદ્દાઓ

આ વર્ષના આર્થિક સર્વેમાં કુલ ૧૬ પ્રકરણો રાખવામાં આવ્યા છે

આ વખતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે એક આખું અલગ પ્રકરણ ફાળવવામાં આવ્યું છે

આર્થિક સર્વેક્ષણમાં સોના અને ચાંદી અંગે પણ ખાસ નોંધ લેવામાં આવી છે

### સળીયાના ઢગલે પડી તોય મારતો રહ્યો

# MP માં ભાજપના નેતાએ મહિલાને દોડાવીને મારી

## મધ્ય પ્રદેશના સતના જિલ્લાના નાગૌદમાં સત્તાધારી પક્ષના એક વગદાર નેતાએ મહિલા સુરક્ષાના ધજાગરા ઉડાવ્યા

સતના, તા. ૨૯

મધ્ય પ્રદેશના સતના જિલ્લામાંથી સત્તાના નશામાં ચૂર ભાજપના નેતાની બર્બરતાનો કમકમાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નાગૌદમાં ભાજપના મંડળ અધ્યક્ષે એક મહિલા સાથે કરેલી અમાનવીય મારપીટના સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે.મધ્ય પ્રદેશના સતના જિલ્લાના નાગૌદમાં સત્તાધારી પક્ષના એક વગદાર નેતાએ મહિલા સુરક્ષાના ધજાગરા ઉડાવ્યા છે. ભાજપના મંડળ અધ્યક્ષ પુલકિત ટંડન પર એક મહિલાને તેના ઘરમાં ઘૂસીને રીતે મારપીટ કરવાનો અને માનસિક રીતે પ્રતાડિત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે આરોપી નેતા લોખંડના સળિયાના એક ગોડાઉન જેવા સ્થળે મહિલા સાથે અત્યંત અભદ્ર વર્તન કરી રહ્યો છે અને તેને બેરહેમીથી મારી રહ્યો છે.પીડિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપી પુલકિત ટંડન છેલ્લા ઘણા સમયથી પોતાના રાજકીય પદ અને વગનો રોફ બતાવીને તેને પરેશાન કરી રહ્યો હતો. મોડી રાત્રે આરોપી પીડિતાના ઘરના પરિસરમાં ઘૂસી ગયો હતો અને ગાળો ભાંડીને હિંસક હુમલો કર્યો હતો. આ ઘટના બાદ ભયભીત થયેલી મહિલાએ હિંમત ભેગી કરીને નાગૌદ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.ઘટનાની ગંભીરતા અને વીડિયો વાઈરલ થયા બાદ પોલીસે આરોપી પુલકિત ટંડન સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ASP પ્રેમ લાલ કુર્વેએ જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજ અને પીડિતાના નિવેદનોના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ, ભાજપના જિલ્લા કાર્યાલય દ્વારા પણ આ મામલે એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં આરોપી નેતા પાસે એક સપ્તાહમાં ખુલાસો માંગવામાં આવ્યો છે.મહિલા સન્માનની મોટી મોટી વાતો કરતી ભાજપ સરકાર હવે પોતાના જ નેતાના આ કૃત્યને કારણે ભીંસમાં મુકાઈ છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જીતૂ પટવારીએ આ વીડિયો શેર કરીને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. જનતામાં પણ એ સવાલ ઉઠી રહ્યો છે કે શું સત્તાના નશામાં ચૂર નેતાઓ માટે મહિલાઓની સુરક્ષાનો કોઈ અર્થ નથી? વાયરલ વીડિયોએ ભાજપના નેતાઓના ચરિત્ર પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

### યોગી સરકારે દુકાન પર બુલડોઝર ફેરવ્યું હતું

## અયોધ્યા ગેંગરેપ મામલે સપા નેતા નિર્દોષ જાહેર

અયોધ્યા, તા.૨૯

અયોધ્યાના ભાદરસાના ચર્ચિત ગેંગ રેપ કેસમાં બુધવારે એક મોટો ન્યાયિક ચુકાદો આપવામાં આવ્યો. સ્પેશિયલ પોક્સો જજ નિરુપમા વિક્રમની કોર્ટે સમાજવાદી પાર્ટીના નેતા મોઈદ ખાનને તમામ આરોપોથી નિર્દોષ જાહેર કર્યા. આ ચુકાદો પોક્સો ફર્સ્ટ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે, જેનાથી લગભગ છ મહિના કરતા વધુ સમયથી ચાલી રહેલા આ હાઈ-પ્રોફાઈલ કેસનો અંત આવ્યો છે.કોર્ટે ૧૪ જાન્યુઆરીના રોજ અંતિમ સુનાવણી બાદ પોતાનો નિર્ણય રિઝર્વ રાખ્યો હતો. બુધવારે બપોરે ૩:૩૦ વાગ્યે મોઈદ ખાનને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ કોર્ટે તેને તમામ આરોપોમાંથી મુક્ત કર્યો હતો.આ મામલો ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ પુરાકલંદર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. સગીર બાળકી સાથે ગેંગરેપનો આરોપ સામે આવતાની સાથે જ જિલ્લામાં રાજકીય અને વહીવટી ગતિવિધિઓ તેજ થઈ ગઈ હતી. તપાસ દરમિયાન મોઈદ ખાન અને તેના નોકર રાજુ ખાનના DNA સેમ્પલ લેવામાં આવ્યા હતા. DNA રિપોર્ટમાં મોઈદ ખાનનો DNA નેગેટિવ, જ્યારે રાજુ ખાનનો DNA પોઝિટિવ આવ્યો હતો.પીડિતાના સમર્થનમાં ફરિયાદી પક્ષે કોર્ટમાં કુલ ૧૩ સાક્ષીઓ રજૂ કર્યા હતા. કોર્ટે DNA રિપોર્ટ સહિત તમામ પુરાવા, જુબાની અને વિવેચનાની સંપૂર્ણ તપાસ કર્યા બાદ મોઈદ ખાનને નિર્દોષ જાહેર કર્યો છે. બીજી તરફ નોકર રાજુ ખાન સામે કેસની સુનાવણી ગુરુવારે થશે, જ્યાં તેને સજા સંભળાવવામાં આવી શકે છે. DNA રિપોર્ટમાં મોઈદ ખાનનો DNA મેચ ન થયો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઘટના દરમિયાન એક વીડિયો બનાવવામાં આવ્યો હતો, પરંતુ કોર્ટમાં કોઈ વીડિયો પુરાવા રજૂ કરવામાં ન આવ્યા. પોલીસ તપાસમાં ઘટનાસ્થળના સ્થાન અંગે ગંભીર વિરોધાભાસ સામે આવ્યા, ક્યારેક બેકરીની બહાર ઝાડ નીચે, તો ક્યારેક બેકરીની અંદર ઘટના ઘટી હોવાનું જણાવવામાં આવ્યું. કોર્ટમાં પીડિતાની માતાએ સ્વીકાર્યું કે રાજકીય દબાણ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.મોઈદ ખાનના વકીલ સઈદ ખાને કહ્યું કે, કોર્ટે તથ્યો અને પુરાવાઓના આધારે ન્યાયી નિર્ણય આપીને મારા અસીલને નિર્દોષ જાહેર કર્યા છે. શરૂઆતથી જ તપાસમાં વિરોધાભાસ સામે આવતા રહ્યા છે, જેને અંતે કોર્ટ સામે સ્પષ્ટ થયા. બીજી તરફ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર વીરેન્દ્ર કુમારે કહ્યું કે, આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવશે.

આ મામલો સામે આવ્યા બાદ વહીવટીતંત્રએ મોઈદ ખાનની બેકરી અને બે માળના શોપિંગ કોમ્પ્લેક્સને બુલડોઝર ફેરવ્યું હતું, જેના કારણે તે સમયે વ્યાપક રાજકીય વિવાદ ઊભો થયો હતો. કોર્ટના આ નિર્ણયથી મોઈદ ખાનના સમર્થકો અને પરિવારને મોટી રાહત મળી છે અને બીજી તરફ આ કેસ ફરી એકવાર ન્યાયિક પ્રક્રિયા અને રાજકીય હસ્તક્ષેપ અંગે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

### ભારતમાં સોશિયલ મીડિયા માટે નક્કી કરાશે ઉંમર?

# બાળકોમાં ડિજિટલ વ્યસન અંગે કેન્દ્ર સરકાર ચિંતિત

## આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૯

ભારત સરકારે ગુરુવારે સંસદમાં રજૂ કરેલા વાર્ષિક આર્થિક સર્વેક્ષણમાં દેશના યુવાનો અને બાળકોમાં વધતી જતી ડિજિટલ લત અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સર્વેક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્બલિંગ (સટ્ટાબાજી) એપ્સ સુધી પહોંચવા માટે વય-આધારિત મર્યાદાઓ નક્કી કરવા પર વિચાર કરવો જોઈએ.આ અહેવાલ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ રજૂ કરવાના થોડા દિવસો પહેલા જ રજુ કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ ગુરુવારે રાજ્યસભામાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ની નકલ સદનના પટલ પર મૂકી હતી. આર્થિક સર્વેક્ષણ સરકાર દ્વારા રજૂ કરવામાં આવતો એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. જેમાં દેશના લગભગ દરેક આર્થિક મોરચાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવે છે અને આગામી વર્ષના વિકાસ તેમજ પડકારો રજૂ કરવામાં આવે છે.

મુખ્ય ભલામણો અને ચિંતાઓ

આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું છે :

પ્લેટફોર્મની જવાબદારીઃ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ગેમ્બલિંગ એપ્સને વય ચકાસણી લાગુ કરવા માટે જવાબદાર ઠેરવવી જોઈએ.ફીચર્સ પર નિયંત્રણઃ બાળકો અને યુવાનો માટે ઓટો-પ્લે વીડિયો ફીચર્સ અને ટાર્ગેટેડ જાહેરાતો પર નિયંત્રણ લાવવાની વાત કરવામાં આવી છે, કારણ કે આ ફીચર્સ સ્ક્રીન ટાઈમ વધારવા અને લત લગાવવામાં મોટી ભૂમિકા ભજવે છે.પારિવારિક ભૂમિકાઃ સર્વેક્ષણમાં માત્ર કાનૂની ઉપાયો પર જ નહીં, પરંતુ સામાજિક પરિવર્તન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. પરિવારોને સ્ક્રીન-ટાઈમ લિમિટ, ડિવાઈસ-ફ્રી સમય અને ઓફલાઈન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની સલાહ આપવામાં આવી છે.વર્તમાનમાં ભારત ફેસબુક, યુટ્યુબ અને X જેવા પ્લેટફોર્મ્સ માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક છે. જોકે, ભારતમાં અત્યાર સુધી સોશિયલ મીડિયાના ઉપયોગ માટે કોઈ સમાન રાષ્ટ્રીય લઘુત્તમ વય નિર્ધારિત નથી. સર્વેક્ષણ મુજબ, ડિજિટલ લત માત્ર માનસિક સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ ઉત્પાદકતા અને સામાજિક વર્તનને પણ અસર કરી રહી છે.

### રેલ મંત્રાલયનો નવો નિર્ણય

# નિવૃત્ત થતાં કર્મચારીઓને હવે નહીં મળે ચાંદીનો સિક્કો

## રેલવે સાથે જોડાયેલા સૂત્રો જણાવે છે કે આ નિર્ણય પાછળ ચાંદીના ભાવમાં ભારે વધારો અને ભ્રષ્ટાચાર જવાબદાર છે

નવી દિલ્હી, તા.૨૯

દેશમાં સેના અને રેલવેમાં હજુ પણ અંગ્રેજોના જમાનાની ઘણી પરંપરાઓ ચાલી આવી રહી છે. જોકે, તેમાં ધીમે-ધીમે ફેરફાર થઈ રહ્યા છે. સાથે જ જે નવી પરંપરાઓ શરૂ થઈ છે, તેમાં પણ ફેરફાર થઈ રહ્યા છે. આ જ ક્રમમાં રેલ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે. નિર્ણય એ છે કે હવે રિટાયર થતા રેલ કર્મચારીઓ અને અધિકારીઓને ગોલ્ડ પ્લેટેડ ચાંદીનો સિક્કો આપવામાં આવશે નહીં.રેલવે સાથે જોડાયેલા સૂત્રો જણાવે છે કે આ નિર્ણય પાછળ ચાંદીના ભાવમાં ભારે વધારો અને ભ્રષ્ટાચાર જવાબદાર છે. થોડા દિવસ અગાઉ મધ્ય પ્રદેશમાંથી એવા સમાચાર આવ્યા હતા કે રેલવેએ કર્મચારીના રિટાયરમેન્ટના દિવસે જે સિલ્વર કોઈન આપ્યા હતા, તે ભેળસેળવાળા હતા. તપાસમાં જાણવા મળ્યું પડી કે તેમાં ચાંદીનું પ્રમાણ ખૂબ ઓછું હતું. સિક્કા મોટા ભાગે તાંબાના બનેલા હતા. એટલે કે સિક્કા ખરીદનારાઓએ ગડબડ કરી હતી. તેથી હવે નિર્ણય લેવામાં આવ્યો છે કે રિટાયરમેન્ટના દિવસે કોઈ સિક્કો આપવામાં આવશે નહીં. રેલવે બોર્ડ તરફથી તમામ ઝોન અને પ્રોડક્શન યુનિટ્સના વડાઓને એક ચિઠ્ઠી મોકલવામાં આવી છે. તેમાં લખેલું છે કે "...હવે નક્કી કરવામાં આવ્યું છે કે રિટાયર થતા રેલ કર્મચારીઓ અને અધિકારીઓને ગોલ્ડ પ્લેટેડ સિલ્વર કોઈન અથવા મેડલ આપવાની પરંપરા સમાપ્ત કરી દેવામાં આવે છે. જે ચાંદીના સિક્કા રેલવે પાસે પહેલેથી ખરીદેલા અથવા સ્ટોકમાં છે, તેનો હિસાબ-કિતાબ રાખવામાં આવે. આ નિર્ણયને રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે."જોકે, આ ચિઠ્ઠીમાં નિર્ણય લેવાનું કોઈ ખાસ કારણ જણાવવામાં આવ્યું નથી. પરંતુ અધિકારીઓનું કહેવું છે કે, અનેક પ્રકારની ચિંતાઓ હતી. જેમ કે બહારના વેન્ડર્સ પાસેથી ખરીદેલા સિક્કાઓની ક્વોલિટી ખરાબ હતી. સાથે જ ચાંદી મોંઘી થવાને કારણે ખર્ચ ઘટાડવો પણ જરૂરી હતો.રિટાયર્ડ કર્મચારીઓને ચાંદીનો સિક્કો ભેટ આપવાની પરંપરા માર્ચ ૨૦૦૬માં શરૂ થઈ હતી. ત્યારે મંત્રાલયે નિર્ણય લીધો હતો કે જે પણ રેલવે કર્મચારી અથવા અધિકારી વોલન્ટરી રિટાયરમેન્ટ લે છે અથવા પોતાની નોકરી પૂર્ણ કરીને રિટાયર થાય છે, તેમને આશરે ૨૦ ગ્રામનો સોનાની પડ ચઢાવેલો ચાંદીનો સિક્કો આપવામાં આવશે. તે સમયે આ સિક્કાની કિંમત આશરે ૧ હજાર રૂપિયા હતી. હવે તેની કિંમત આશરે ૧૦ હજાર રૂપિયા થઈ ગઈ છે.

### ‘પંચ પરિવર્તન યજ્ઞ’ નાં પવિત્ર કાર્ય સાથે

# સા.કુંડલા ખાતે આગામી રવિવારે ‘વિરાટ હિન્દુ સંમેલન’નું આયોજન કરાયું

## અયોધ્યાની અખંડ જયોતની મહાઆરતી યોજાશે

સાવરકુંડલા, તા.૨૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષમાં મંગલ પ્રવેશના અવસરે, સનાતન સંસ્કૃતિના જતન અને હિન્દુ સમાજમાં નૂતન ચેતનાના સંચાર અર્થે સાવરકુંડલાના કબીર ટેકરી (સંત કબીર વસ્તી) ખાતે આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ રવિવારના રોજ એક ભવ્ય ‘વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, સ્વદેશી ભાવ જાગરણ અને નાગરિક કર્તવ્ય જેવા ‘પંચ પરિવર્તન’ ના વિષયોને જન – જન સુધી પહોંચાડવાનો છે. કબીર ટેકરીના મહંત નારાયણના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં સાવરકુંડલાના વિવિધ વિસ્તારો અને મંડળો સહભાગી બનશે.

કાર્યક્રમનીરૂપરેખા અને વિશેષ આકર્ષણો આ મુજબ છે, રવિવારે સાંજે ૪ કલાકથી શરૂ થનાર આ સંમેલનમાં અનેકવિધ પ્રેરક કાર્યક્રમો યોજાશે જેમાં કાર્યક્રમની શરૂઆત માતા – પિતા પૂજન, ગૌ–પૂજન અને સંતોના સ્વાગતથી થશે.

આ પ્રસંગે વડીલોનું સન્માન પણ કરવામાં આવશે.૧૦૦ વર્ષથી વધુ વયના વડીલો અને તેમના પરિવારનું વિશેષ સન્માન કરી આશીર્વાદ લેવામાં આવશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જેમાં નિવિદ્યા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ‘પંચ પરિવર્તન’ વિષય પર નાટિકા અને ગોપી મહિલા મંડળ દ્વારા ભક્તિ સંકીર્તન રજૂ કરાશે.

ગાયત્રી પરિવારના વિપુલભાઈ બોરીસાગર યોગ વિશે માહિતી આપશે, જયારે કૌશિક ગીરી ગોસ્વામી બાપુ સંગીતમય હનુમાન ચાલીસાના પાઠ કરાવશે.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં પ.પૂ. મહામંડલેશ્વર મસ્તરામ બાપુ સંઘ કાર્ય પર ઉદબોધન આપશે અને મહંત નારાયણ આશીર્વચન પાઠવશે. આરએસએસના જિલ્લા કાર્યવાહ આકાશભાઈ પંડયા દ્વારા પ્રાસંગિક બૌદ્ધિક ઉદબોધન આપવામાં આવશે.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ અયોધ્યાથી લાવવામાં આવેલી અખંડ જયોતની મહાઆરતી અને સરયુ નદીના પવિત્ર જળનું પૂજન રહેશે. અંતમાં રાત્રે ૭:૩૦ કલાકે સામુદાયિક મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સંત સમિતિ અને વિરાટ હિન્દુ સંમેલન સમિતિ – સાવરકુંડલા દ્વારા સમસ્ત કેવડાપરા, ભાવના સોસાયટી, સંત કબીર સોસાયટી અને અન્ય સોસાયટીના રહીશો તેમજ વિવિધ મહિલા અને યુવા મંડળોને આ ધર્મમય અવસરે સહપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી આઈ.ટી.આઈ ખાતે તા. ૩૦ જાન્યુઆરીએ સ્કિલ એક્સપો યોજાશે

અમરેલી, તા. ૨૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલી (આઈ.ટી.આઈ) ખાતે તા. ૩૦ જાન્યુઆરી,૨૦૨૬ના રોજ સ્કિલ એકસપો યોજાશે. આ સ્કિલ એકસપોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કુશળતા વિકાસ અંગે જાગૃત્તિ લાવવાનો, વ્યાવસાયિક અને ટેકિનકલ શિક્ષણના વિવિધ વિકલ્પો અંગે માહિતી આપવાનો તથા ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સેતુ બાંધવાનો છે.આ સ્કિલ એકસપો દરમિયાન આઈ.ટી.આઈ. અમરેલી ખાતે ચાલતા વિવિધ ટ્રેડસના વિદ્યાર્થીઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલ્સ, પ્રોજેકટસ, પ્રાયોગિક કુશળતાનું પ્રદર્શન કરવામાં આવશે. તેમજ ડ્રોન ટેકનોલોજી જેવા કોર્ષ વિષયક માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે અમરેલી જિલ્લાની તમામ હાઈસ્કૂલો તથા વોકેશનલ કોર્ષ ચલાવતી શાળાઓના વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો સાથે સ્કિલ એકસપોની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવે છે. જેથી તેઓ ભવિષ્યમાં ટેકિનકલ અને શિક્ષણ તરફ પ્રેરાઈ શકે તેમ આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગુજરાતમાં આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ, ૧૫ દિવસના બાળકનું રેસ્ક્યું

## ગુજરાત, તેલંગાણા અને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા ગેરકાયદેસર વેપાર નેટવર્કમાં સામેલ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક સંવેદનશીલ ઓપરેશન પાર પાડીને આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત છ્જી તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે વોચ ગોઠવીને એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને આરોપીઓ પાસેથી માત્ર ૧૫ દિવસનું નવજાત બાળક મળી આવ્યું છે, જેને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક પૂછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ૧૫ દિવસનું બાળક સાબરકાંઠાના ઈડર હાઈવે પરથી ’યુનુસ’ નામના શખ્સ પાસેથી મેળવવામાં આવ્યું હતું. આરોપીઓએ આ બાળક એક દંપતી પાસેથી ૩,૬૦,૦૦૦માં ખરીદ્યું હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓ આ બાળકને હૈદરાબાદ લઈ જવાની પેરવીમાં હતા. ધરપકડ કરાયેલા ૩ પૈકી ૨ આરોપીઓ ગત વર્ષે પણ હૈદરાબાદમાં બાળ તસ્કરીના કેસમાં ઝડપાયા હતા. તે સમયે તેમની પાસેથી ૩ બાળકો મળ્યા હતા, જેમાંનું એક બાળક અમદાવાદનું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે સાબરકાંઠા અને બનાસકાંઠાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક કારણોસર નવજાત બાળકોને વેચવાના કિસ્સાઓ વધુ જોવા મળે છે, જેનો લાભ આ તસ્કર ટોળકી ઉઠાવતી હતી.ગુજરાત **ATS** દ્વારા મળેલી અને ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ **DCB** ક્રાઈમ બ્રાન્ચ સાથે શેર કરવામાં આવેલી ચોક્કસ બાતમીના આધારે, પોલીસ સબ-ઈન્સ્પેકટર જે.સી. દેસાઈના નેતૃત્વમાં એક ટીમે કાર્યવાહી કરી હતી. આ ટીમમાં એ.એચ.સી. કનુભાઈ ભૂપતભાઈ, એ.પી.સી. વેલાજી હેમાજી, એ.પી.સી. સુરેશભાઈ લાલજીભાઈ અને મહિલા પી.સી. કાશ્મીરાબેન કાંતિભાઈ સહિતના સ્ટાફ મિત્રો સામેલ હતા. ટીમે એરપોર્ટની બાઉન્ડ્રી વોલ પાસે, કોતલપુર પમ્પિંગ સ્ટેશન નજીક વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન, હિંમતનગરથી એરપોર્ટ તરફ આવી રહેલી સફેદ મારુતિ અર્ટિગા (રજીસ્ટ્રેશન નં. ય્ત્ન-૦૧-સ્-૨૬૦૦) ને અટકાવવામાં આવી હતી. ગાડીની તપાસ કરતા તેમાં સવાર વ્યક્તિઓ પાસેથી એક નવજાત શિશુ મળી આવ્યું હતું.ધરપકડ કરાયેલા આરોપીઓની વિગત

વંદનાબેન જીગરાભાઈ પંચાલ (૩૪): રહે. મુકેશનગર સોસાયટી, ઓઢવ, અમદાવાદ. (મૂળ રહે. અયોધ્યા, ઉત્તર પ્રદેશ).

રોશન ઉર્ફે સજ્જન મહાવીરપ્રસાદ અગ્રવાલ (૪૨): રહે. હૈદરાબાદ, તેલંગાણા. (મૂળ રહે. ઝુંઝુનુ, રાજસ્થાન).સુમિત બચ્ચનભાઈ યાદવ (૨૭): રહે. બીજલ હોમ્સ, વટવા, અમદાવાદ. (મૂળ રહે. સુલતાનપુર, ઉત્તર પ્રદેશ).

મૌલિક ઉમિયાશંકર દવે (૩૨): વાહનનો ચાલક (જેની તપાસ ચાલુ છે).મોડસ ઓપરેન્ડી અને તપાસ

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ આ નવજાત શિશુને હિંમતનગર પાસે મુન્નુ નામના વ્યક્તિ પાસેથી રૂ.૩,૬૦,૦૦૦ માં ખરીદ્યું હતું. તેઓ આ બાળકને હૈદરાબાદમાં નાગરાજ નામના એજન્ટને વેચવા જઈ રહ્યા હતા.પોલીસે આરોપીઓ પાસેથી નીચે મુજબની વસ્તુઓ જપ્ત કરી છે. રોકડઃ રૂ.૧૦,૦૫૦ (વિવિધ મૂલ્યની નોટો).મોબાઈલ ફોનઃ ૪ હેન્ડસેટ જેની અંદાજિત કિંમત રૂ.૫૫,૦૦૦ છે.વાહનઃ પરિવહન માટે વપરાયેલી મારુતિ અર્ટિગા કાર.ધરપકડ કરાયેલા આરોપીઓ તેમજ વેચનાર અને ખરીદનાર (મુન્નુ અને નાગરાજ) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા **(BNS)** ૨૦૨૩ અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ની નીચેની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે : **BNS** કલમોઃ ૧૪૩(૪), ૧૩૭(૨),અને ૬૧(૨)**(a)**.જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ ૨૦૧૫ઃ કલમ ૮૧ અને ૮૭.બચાવવામાં આવેલા નવજાત શિશુને તાત્કાલિક સંભાળ અને તબીબી નિરીક્ષણ માટે ચાઈલ્ડ હેલ્થ ઓફિસરને સોંપવામાં આવ્યું છે. આ તસ્કરી સિન્ડિકેટના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવા અને ફરાર વચેટિયાઓને પકડવા માટે વધુ તપાસ ચાલુ છે

### શ્રેષ્ઠ પત્રકારત્વ અને રાષ્ટ્રભક્તિના યુગનો અંત

# બાબરા : ગોવા મુક્તિ આંદોલનના લડવૈયા ઉમંગરાય છાટબાર (ઉમંગદાદા) પંચતત્વમાં વિલીન

## સદ્‌ગતનું બેસણું આજે સાંજે ૪ થી ૬, ખત્રી સમાજવાડી બાબરા ખાતે રાખેલ છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા પંથકના વરિષ્ઠ પત્રકારત્વના ભીષ્મ પિતામહ, ગોવા મુક્તિ આંદોલનના સક્રિય સેનાની અને આદર્શ રાષ્ટ્રભક્ત ઉમંગરાય હરિદાસ છાટબાર (ઉ.વ. ૯૦) નું અવસાન થતા પત્રકારત્વ અને સામાજિક ક્ષેત્રે એક મોટી શૂન્યાવકાશ સર્જાઈ છે. ૯૦ વર્ષની વયે તેમણે અંતિમશ્વાસ લેતા, ‘ઉમંગદાદા’ તરીકે લોકપ્રિય બનેલા આ કર્મઠ વ્યક્તિત્વના વિદાયથી સમગ્ર બાબરા સહીત અમરેલી જિલ્લામાં શોકની લહેર પ્રસરી ગઈ હતી.

આજે સવારે ૧૦:૦૦ કલાકે સિધ્ધિવિનાયક સોસાયટી સ્થિત તેમના નિવાસસ્થાનેથી ઉમંગદાદાની અંતિમ યાત્રા નીકળી હતી. આ યાત્રામાં માનવતા અને સૌહાર્દના અદભૂત દ્રશ્યો જોવા મળ્યા હતા. મુસ્લિમ સમાજના અગ્રણીઓએ ઉમંગદાદાની નશ્વર દેહને કાંધ આપી હતી અને ધાર્મિક રીત–રિવાજ મુજબ કલમા પઢી તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ખોજા સમાજ અને દાઉદી વ્હોરા સમાજ સહિતના લઘુમતી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં સ્મશાન યાત્રામાં સામેલ થઈને ઉમંગદાદા પ્રત્યેનો તેમનો આદર વ્યક્ત કર્યો હતો.

સ્વર્ગસ્થને અંતિમ વિદાય આપવા માટે રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વેપારી મંડળોના હોદ્દેદારો અને પત્રકાર જગતના મિત્રો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. અઢારેય વર્ણના લોકોએ એકઠા થઈને વરિષ્ઠ સેનાનીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી.ઉમંગરાય છાટબાર માત્ર પત્રકાર જ નહીં, પરંતુ એક સાચા દેશભક્ત હતા. તેમણે ગોવા મુક્તિ આંદોલનમાં ભાગ લઈને દેશની એકતા માટે સંઘર્ષ કર્યો હતો. ત્યારબાદ પત્રકારત્વના માધ્યમથી લોકોના પ્રશ્નોને હમેશાં વાચા આપી હતી. તેમના નિધનથી તેમના પુત્ર મહેશભાઈ છાટબાર અને પત્રકાર ચિંતરજન છાટબાર સહિત સમગ્ર છાટબાર પરિવાર પિતાતુલ્ય છત્રછાયા ગુમાવી છે. બાબરાની જનતાએ એક તેજસ્વી પત્રકાર, અનુભવી માર્ગદર્શક અને સાચા સ્વાતંત્ર્ય સેનાનીને ગુમાવતા પંથકમાં ગમગીનીભર્યો માહોલ રહ્યો હતો.સદ્‌ગતનું બેસણું આજે સાંજે ૪ થી ૬, ખત્રી સમાજવાડી બાબરા ખાતે રાખેલ છે.

### અધિકારી આપના દ્વારા સુત્ર સાર્થક થયું

# વડિયાના ઈન્ચાર્જ મામલતદારે SIRની કામગીરીમાં માનવતા મહેકાવી

## પ્રથમ સુનાવણી કેમ્પમાં વૃધ્ધો અને દિવ્યાગોને ઘરે જઈ રૂબરૂ સાંભળ્યા



વડિયા, તા. ૨૯

સમગ્ર દેશમાં એસઆઈઆરની કામગીરી બાબતે ઘણા સમયથી પૂરજોશમાં વહીવટી તંત્ર ધ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે અમરેલી જિલ્લામાં પણ એસઆયઆરની કામગીરી પૂરજોશમાં ચાલતી હોય. તેમ રવિવારની રજાઓમાં પણ મામલતદાર કચેરી અધિકારીથી ધમધમતી જોવા મળી રહી છે. એસઆયઆર કામગીરીમાં જે લોકોએ પોતાના બીએલઓને ડોકયુમેન્ટ આપી શકયા ના હતા તે લોકોને સાંભળવા માટે તારીખ ૧ થી ૨૦ સુધીમાં ગ્રામીણ વિસ્તારમાં ગામડે ગામડે કેમ્પ રાખવામાં આવ્યા હતા. આ કેમ્પમાં વડિયાના ઈન્ચાર્જ મામલતદાર, ટીડીઓ, મતદારયાદીની કામગીરી સંભાળતા નાયબ મામલતદાર સહિતના અધિકારીઓ ધ્વારા અરજદારોને પોતાના તેમના ગામમાં નિયત કરેલી જગ્યાએ રૂબરૂ જઈ સાંભળવામાં આવ્યા હતા. આ પ્રથમ સુનાવણી કેમ્પમાં વડિયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધીની માનવતા ભરી કામગીરી ઉડીને આંખે વળગતી જોવા મળી રહી હતી. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ ઈન્ચાર્જ મામલતદાર આ કેમ્પમાં ગામડે અરજદારોને સાંભળવા પહોંચ્યા ત્યારે તેમાંથી વૃધ્ધોઅને દિવ્યાંગ લોકોને શોધી તેમને સુનાવણી સ્થળ પર આવવાની ના કહી પોતે તેમના ઘરે ઘરે જઈને સાંભળ્યા હતા. આ લોકોને સુનાવણીના કેમ્પની જગ્યા સુધી આવવા જવા તકલીફ પડે તેના બદલે અધિકારી આપના ધ્વારેની કહેવત સાર્થક કરી અને વૃધ્ધ અને દિવ્યાંગ લોકો સાથે માનવતા મહેકવતા જોવા મળ્યા હતા. જોકે વડિયાના ઈન્ચાર્જ મામલતદાર કેજેરભાઈ સિંધી ધ્વારા જયારથી વડિયા મામલતદારનો ચાર્જ સાંભળ્યો છે. ત્યારથી વડિયા મામલતદાર ઓફિસમાં લોકોને તે રૂબરૂ સાંભળતા જોવા મળ્યા છે અને તમામ વિભાગોની કામગીરી સુવ્યવસ્થિત કોઈ ફરિયાદો વિહોણી બનતી જોવા મળી છે અને સમગ્ર ઓફિસ જાણે એક પરિવાર જેમ કામ કરતી હોય. તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે ઈન્ચાર્જ મામલતદારની કામ કરવાની પધ્ધતિ અને તેમની માનવતાની મહેક સમગ્ર તાલુકામાં પ્રસરી હોવાથી ચોમેર ઈન્ચાર્જ મામલતદારની સરાહના થતી જોવા મળી રહી છે.

# પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઇટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા

અમરેલી, તા. ૨૯

પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે, આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અનેઆવકથી નીકળી જાય છે, બોનસના રૂપમાં મુખ્ય પાક મળે છે, જેનાથી ખેડૂતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે–જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, પ્રાકૃતિક ખેતીનો નારો છે. ‘‘ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં.’’

પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઇટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા છે.જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતાવરણ ઠંડુ થતા આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જયારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કૌશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ, જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકનાન નથી થતું, અછતના સમયે છોડને જરૂરી ભેજ મળી રહે છે. ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઇડના સંયોજનથી થાય છે. આથી, પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરૂરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરૂરિયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પદ્ધતિના આયામોથી આવું જરૂરી વ્યવસ્થાપન થાય છે.

નાઈટ્રોજનચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જયારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઈટ્રોજનનું સ્થાપન તથા છોડને જરૂરી સ્વરૂપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં નાઈટ્રોજન ચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.

**(આલેખનઃ ધર્મેશ વાળા)**
**માહિતી કચરી અમરલી**

# AIનો ઉપયોગ લાભદાયી પણ છે અને જોખમકારક પણ-યોગ્ય માર્ગદર્શન અને અવેરનેસ ખૂબ જ જરૂરી









આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) માનવ જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. શિક્ષણ, ઉદ્યોગ, આરોગ્ય, વ્યવસાય સહિત લગભગ તમામ ક્ષેત્રોમાં એઆઈનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. એઆઈ જેટલો ઉપયોગી અને લાભદાયી છે, એટલો જ તેનો ખોટો અથવા બેદરકારી પૂર્વકનો ઉપયોગ જોખમ પણ ઊભું કરી શકે છે. તેથી એઆઈનો ઉપયોગ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. એઆઈનો ઉપયોગ મુખ્યત્વે ૧૩ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ કરી શકે છે. આ બાબત પર ભાર મૂકતા પાયલ પટેલે જણાવ્યું કે એઆઈ ખૂબ શક્તિશાળી ટેકનોલોજી છે, જે યોગ્ય રીતે વાપરવામાં આવે તો યુવાઓ માટે સ્કિલ ડેવલોપમેન્ટ અને કરિયર માટે નવા રસ્તા ખોલે છે. પાયલ પટેલપોતે એઆઈ એકસપર્ટ છે અને જે.એસ.એફ ફાઉન્ડેશન ચલાવે છે. આ ફાઉન્ડેશન ધ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં યુવાઓને એઆઈનો સકારાત્મક ઉપયોગ શીખવવામાં આવે છે અને તેમને નવી ટેકનોલોજી સાથે જોડવામાં આવે છે. પાયલ પટેલે વધુમાં જણાવ્યું કે આજના સમયમાં રોજિંદા જીવનમાં એઆઈનો ઉપયોગ સામાન્ય બની ગયો છે. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે એઆઈનો સહારો લે છે, જયારે ઉદ્યોગોમાં ઉત્પાદન, માર્કેટિંગ, ડેટા એનાલિસિસ અને ગ્રાહક સેવા માટે એઆઈ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આરોગ્ય ક્ષેત્રમાં પણ એઆઈ ધ્વારા રોગ નિદાન, સારવાર અને રિસર્ચમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આમ, દરેક ઈન્ડસ્ટ્રીમાં એઆઈ અનિવાર્ય બની ગયું છે. પરંતુ એઆઈનો ઉપયોગ જેટલો વધે છે, એટલો જ તેનો જોખમ પણ વધે છે. ડેટા લીકેજ, પ્રાઈવસીનો ભંગ, ખોટી માહિતી, વધુ પડતો નિર્ભરતા જેવા મુદ્દાઓ એઆઈ સાથે જોડાયેલા છે. આ જોખમોને ધ્યાનમાં રાખીને એઆઈ અંગે અવેરનેસ લાવવી ખૂબ જ મહત્વની છે. ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓ માટે યોગ્ય માર્ગદર્શન અને દેખરેખ જરૂરી છે. વિદ્યાર્થીઓના પરિવારજનોની ભૂમિકા અહીં ખૂબ જ મહત્વની બની જાય છે. જયારે બાળકો એઆઈનો ઉપયોગ કરે છે. ત્યારે મોબાઈલ અથવા ડિવાઈસમાં પ્રાઈવસી સેટિંગ્સ યોગ્ય રીતે સેટ કરવી જરૂરી છે. પરિવારજનો ધ્વારા આપવામાં આવતી ડિવાઈસમાં પેરેન્ટલ કંટ્રોલ, પ્રાઈવસી સેટિંગ્સ અને સિકયોરિટી વિકલ્પો સક્રિય રાખવા જોઈએ. શરૂઆતના સમયમાં બાળકો એઆઈનો કેવી રીતે ઉપયોગ કરે છે. તેની સુપરવિઝન કરવી ખૂબ જરૂરી છે. બાળકો કેટલો સમય એઆઈનો ઉપયોગ કરે છે, કઈ એપ્લિકેશન અથવા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે અને તેનો ઉપયોગ કયા હેતુથી કરે છે તેની હિસ્ટ્રી સમયાંતરે તપાસવી જોઈએ. આ સાથે બાળકોને સમજાવવું પણ જરૂરી છે કે એઆઈ માત્ર સહાયક સાધન છે, તેનો ખોટો ઉપયોગ નુકસાનકારક બની શકે છે. પરિવારજનો અને શિક્ષકો ધ્વારા બાળકોને જવાબદારી પૂર્વક એઆઈ વાપરવાની તાલીમ આપવી જોઈએ. સીબીએસસીના માર્ગદર્શિકા મુજબ છઠ્ઠા ધોરણથી ઉપરના અને ૧૩ વર્ષ કે તેથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓ એઆઈનો ઉપયોગ કરી શકે છે. પરંતુ તેનો અર્થએ નથી કે કોઈ પણ રીતે અથવા બિનમર્યાદિત રીતે એઆઈનો ઉપયોગ કરવો. દરેક એઆઈ આધારિત એપ્લિકેશન ડાઉનલોડ કરતી વખતે તેમાં આપવામાં આવતી પરમિશન ધ્યાનપૂર્વક વાંચવી અને સમજીને જ મંજૂરી આપવી જોઈએ. ઘણી વખત અજાણતા આપવામાં આવેલી પરમિશનથી મોબાઈલમાં રહેલી વ્યક્તિગત માહિતી લીક થવાની શકયતા રહે છે. એઆઈનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિએ કેટલી પર્સનલ ડિટેલ એઆઈ સાથે શેર કરે છે. તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. આધાર નંબર, બેંક માહિતી, વ્યક્તિગત ફોટા અથવા સંવેદનશીલ માહિતી શેર કરવાથી બચવું જોઈએ. યોગ્ય સમજ, અવેરનેસ અને માર્ગદર્શન સાથે એઆઈનો ઉપયોગ કરવામાં આવે તો તે સમાજ અને ભવિષ્ય માટે ખૂબ લાભદાયી સાબિત થઈ શકે છે.

# અમરેલી જિલ્લામાં ''શાળા સલામતી સપ્તાહ'' અંતર્ગત વ્યાપક જાગૃતિ કાર્યક્રમો યોજાયા






રાજય સરકારના માર્ગદર્શન હેઠળ શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૨૭ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન જિલ્લામાં વ્યાપક સ્તરે શાળા સલામતી સંબંધિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમિયાન જિલ્લામાં પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં આગ સલામતી, આપત્તિ વ્યવસ્થાપન, પ્રથમ સારવાર, બાળ સુરક્ષા, ૧૦૮ ઈમરજન્સી સેવા, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન સહિતના વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સંકટ સમયે કેવી રીતે સલામત રહેવું, આપત્તિ સમયે યોગ્ય પ્રતિભાવ આપવો તથા ઈમરજન્સી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પ્રાયોગિક રીતે સમજાવવામાં આવ્યું. 'શાળા સલામતી સપ્તાહ' અંતર્ગત ફાયર વિભાગ, ૧૦૮ ઈ.એમ.આર.આઈ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, એનજીઓ તેમજ સંબંધિત વિભાગોના સહયોગથી માક ડ્રિલ, ડેમોન્સ્ટ્રેશન, પ્રેઝન્ટેશન અને સંવાદાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લાની ૭૫થી વધુ શાળાઓમાં પ્રતિકાત્કમ કાર્યક્રમોમ દ્વારા વિદ્યાર્થીઓમાં સલામતી પ્રત્યે જાગૃતિ, આત્મવિસ અને સંકટ સમયે સમજદારીપૂર્વક વર્તવાની ક્ષમતા વિકસે તે હેતુથી સમજ આપવામાં આવી રહી છે. સાથે જ શાળાઓમાં સુરક્ષિત અને સજાગ વાતાવરણ નિર્માણ તરફ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. શાળા સલામતી સપ્તાહ દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં યોજાયેલા કાર્યક્રમોમાં સંબંધિત વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્યઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું ધરાઈ–મોણપુર માર્ગનું કામ

કારણે વાહન નીચે ઉતારતી વખતે અકસ્માતનો ભય સતાવે છે. આ ગંભીર સમસ્યા અંગે રજૂઆતો કર્યા બાદ તંત્ર જાગ્યું તો ખરૂં, પણ તેમાં પણ 'વેઠ' ઉતારવામાં આવી છે. કુલ ચાર કિલોમીટરના અંતરમાંથી તંત્રએ માત્ર એક જ કિલોમીટરના ભાગમાં સાઈડ ભરવાની કામગીરી કરી સંતોષ માની લીધો છે, જયારે બાકીના ત્રણ કિલોમીટરમાં હજુ પણ જોખમી સ્થિતિ યથાવત છે. તંત્ર દ્વારા કામ અધૂરૂં છોડી દેવામાં આવતા રાહદારીઓ અને વાહનચાલકોમાં તંત્ર સામે ફિટકારની લાગણી વરસી રહી છે. ગ્રામજનોની પ્રબળ માંગ છે કે તંત્ર દ્વારા કોઈ ગંભીર જાનહાનિ થાય તેની રાહ જોયા વગર તાત્કાલિક ધોરણે બાકી રહેલા ત્રણ કિલોમીટરના માર્ગની સાઈડ વ્યવસ્થિત કરી કામ પૂર્ણ કરવામાં આવે.

સંકુલ ધો. ૧૨ A1-A2 ગ્રેડને - 50% - 25%
ધો. ૧૧–૧૨ ની ભરેલ સ્કૂલ ફી શરતી પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 185

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં કચરાનાં નિકાલ કાર્યમાં

કલાક ક્ષમતા ધરાવતું RDF શ્રેડર સ્થાપિતછે. જોહોયતોઈન્વોઈસજીઓ ટેગ, ફોટા સહિતની માહિતી આપવી, ૨ ટ્રોમેલ મશીનો ઉપલબ્ધ છે કે કેમ, સ્કીન કદ અલગ કરવાની આવશ્યકતાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે કે કેમ સહિતની અનેક વિગતોનો જવાબ આધાર–પુરાવા સાથે માંગવામાં આવ્યો હોય ચીફ ઓફિસર શું જવાબ આપે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## પાના ૧ ઉપરનું ચાલું એટ્રોસીટીની ફરિયાદ રદ

હોય જેનુ મનદુઃખ રાખી આ એટ્રોસીટીની ફરિયાદ આપેલ હોય જે કામે આરોપી તરીકે ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણીની અટક કરવામાં આવેલ હોય જે કામે પોલીસ દ્વારા પુરતા પુરાવાઓ એકત્ર કરી કોર્ટમાં ચાર્જસીટ ફાઈલ કરેલ. હોય જે કામે એડવોકેટ જે.આર. વાળા દ્વારા ફરિયાદ રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરેલ હોય જે કામે ગુજરાત હાઈકોર્ટ દ્વારા પક્ષકારોને સાંભળતા ફરિયાદ રદ કરવાનો હુકમ કરેલ જે કામે ધારાશાસ્ત્રી જે.આર. વાળા તથા નિશીથ પી. આચાર્ય રોકાયેલ હતા.

## પાના ૮ ઉપરનું ચાલું ૪ આરોપીઓને ૧૦ વર્ષની સજા

કોર્ટમાં ચાલી જતાં સરકારી એડવોકેટ વિકાસ વડેરાની દલીલોનાં આધારે ચારેય આરોપીને ૧૦ વર્ષની સજા, દંડ અને ફરિયાદીને વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવેલ છે.

આ બનાવમાં રવજીભાઈ પુનાભાઈ વાઘેલા, પુનાભાઈ વાઘેલા, રજીભાઈ ઉર્ફે રાજુ નરસીભાઈ ચારોલા અને માવજીભાઈ ઉર્ફે માવુ પુનાભાઈ વાઘેલા વિરૂધ્ધ ગુન્હો નોંધાયેલ હતો.

## કોટડાપીઠામાં માધ્યમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી


તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ખાતે આવેલ ગ્રામ પંચાયત સંચાલીત માધ્યમિક શાળા ખાતે કોટડાપીઠાનાં યુવા સરપંચ સત્યજીતભાઈ વાળા કોટડાપીઠા કન્યા પે સેન્ટર શાળા તેમજ કોટડાપીઠા પ્લોટ શાળા તેમજ માધ્યમીક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેમા વિદ્યાર્થી દ્વારા દેશભકિત ગીતો, નાટકો, અભીનય ગીત આ પ્રસંગે ઈનામી વિતરણ વકત્વયોનાં કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયતનાં ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સદસ્યો ગામનાં આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં આચાયો તેમજ શાળાઓનાં સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું શિયાળાનાં અંતિમ તબક્કે

નજરે ચડતા ન હોય ભયાનક અકસ્માત થવાની શકયતાઓ જોવા મળી રહી છે.

માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને નિયમ મુજબ માર્ગ બનાવવામાં અને સાથે સ્પીડ બ્રેકર બનાવવામાં શું પરેશાની થઈ રહી છે તે સમજાતું નથી. માર્ગ સુરક્ષા અંગે વાતાનુકુલિન કચેરીમાં માત્ર સુચનો, આયોજનો અને માર્ગદર્શન જ મળે છે. ગ્રાઉન્ડ ઉપર માર્ગસુરક્ષાનો ખુલ્લેઆમ ઉલાળીયો થતો હોય તેવું સ્પષ્ટ રીતે જોવા મળે છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૪૦ | ૧૬૨૦ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૫૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૮૫૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૭૨૫ | ૧૯૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૩૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૬૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૩૪૦ | ૨૧૪૫ |
| ૯ | બાજરો | ૩૪૫ | ૬૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૯૭૫ | ૧૧૦૦ |
| ૧૪ | સફેદ ચણા | ૯૯૫ | ૧૦૬૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૨૧૦ | ૧૭૦૦ |
| ૧૬ | તુવેર | ૮૪૦ | ૧૭૦૫ |
| ૧૭ | કપાસ | ૧૦૪૦ | ૧૬૩૫ |
| ૧૮ | એરંડા | ૧૦૫૫ | ૧૨૫૫ |
| ૧૯ | જીરૂ | ૩૨૪૦ | ૪૩૭૦ |
| ૨૦ | ધાણી | ૧૭૩૫ | ૨૦૫૦ |
| ૨૧ | મેથી | ૮૧૦ | ૧૦૦૦ |
| ૨૨ | સોયાબીન | ૯૬૫ | ૧૧૪૦ |
| ૨૩ | મરચા લાંબા | ૧૮૦૦ | ૬૧૪૦ |
| ૨૪ | કાંગ | ૫૬૦ | ૫૬૦ |
| ૨૫ | નવી ધાણી | ૧૫૦૦ | ૨૦૫૫ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૯ | ૧૫૦૮ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૪૦ | ૧૬૧૬ |
| ૨ | મગફળી | ૧૪૦૦ | ૧૪૭૧ |
| ૩ | ચણા | ૯૭૫ | ૯૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૫૧ | ૧૮૯૦ |
| ૫ | તુવેર | ૧૩૦૦ | ૧૪૪૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ૩ | તલ સફેદ | – | ૧૯૩૬ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૫૫૧ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૫ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૫૮૦ |
| ૯ | જુવાર | – | ૧૧૧૦ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૩૧૦ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૦૩૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | ધાણા | ૧૩૫૦ | ૧૯૦૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૨ | તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૩ | તુવેર | ૧૫૩૦ | ૧૫૪૦ |
| ૪ | ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૫ | શીંગદાણા | ૧૫૦૧ | ૧૬૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૦ | ૧૬૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૭૦ | ૧૪૬૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૨૭૫ | ૧૫૯૫ |
| ૪ | ચણા | ૯૪૫ | ૧૦૬૫ |
| ૫ | જીરૂ | ૩૨૨૫ | ૪૪૮૫ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૭ | તુવેર | ૯૬૫ | ૧૫૯૫ |
| ૮ | સોયાબીન | ૮૦૫ | ૯૭૫ |
| ૯ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૧૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૧૭ |
| ૪ | ચણા | ૧૦૦૧ | ૧૦૨૬ |
| ૫ | ધાણા | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૬ | જુવાર | ૫૨૦ | ૬૩૫ |
| ૭ | સોયાબીન | ૯૮૦ | ૧૧૨૩ |
| ૮ | મગફળી | ૧૧૦૦ | ૧૩૫૫ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૫૦૮ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૭૮૦ | ૧૮૪૦ |
| ૧૨ | રાય | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૩ | લસણ | ૫૭૦ | ૭૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૯૧ | ૧૪૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૦૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૪ | તલ પીળા | ૨૦૩૧ | ૨૦૩૧ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૬૩૩ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૩૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૬ | ૫૨૬ |
| ૮ | જુવાર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૯ | તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૦ | મેથી | ૮૨૫ | ૯૨૫ |

# ખાંભા ખાતે ૭૭માં જિલ્લા કક્ષાના ગણતંત્ર પર્વ ઉજવણીમાં યોગ પ્રસ્તુતિ દ્વારા આરોગ્ય જાગૃતિ






અમરેલી જિલ્લાના ખાંભા ખાતે યોજાયેલ ૭૭માં જિલ્લા કક્ષાના ગણતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત ગુજરાત રાજય યોગ બોર્ડ – સાગર મહેતા યોગ ગ્રૂપ દ્વારા ''મેદસ્વિતામુકત ગુજરાત'' અભિયાન અંતર્ગત આદીયોગી રિધમિક યોગ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. રાજય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી, ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારોહમાં અમરેલીના યોગ સાધકોની પ્રસ્તુતિ દ્વારા જાગૃત્તિ પ્રસરાવવાનો પ્રયાસ કર્યો હતો. આ યોગ પ્રસ્તુતિની વિશેષતા એ હતી કે, તેમાં ૫ વર્ષની બાળકીથી લઈ ૬૫ વર્ષ સુધીની વયજૂથની કુલ ૧૬ બહેનોએ ભાગ લીધો હતો. દેશભકિત ગીતોની સંગીતમય પૃષ્ઠભૂમિમાં બહેનો દ્વારા વિવિધ યોગાસનોનું સુમેળભર્યું, શિસ્તબદ્ધ અને સૌંદર્યસભર પ્રદર્શન કરવામાં આવ્યું, જેને ઉપસ્થિત પ્રેક્ષકો દ્વારા ભારે પ્રશંસા મળી હતી. આ યોગ પ્રદર્શન દ્વારા લોકોમાં મેદસ્વિતા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર તથા કેન્સર જેવા રોગોથી મુકત રહેવા, તેમજ યોગ દ્વારા નિરોગી અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રચાયેલ ગુજરાત રાજય યોગ બોર્ડનો મુખ્ય હેતુ સમગ્ર રાજયમાં યોગનો વ્યાપ વધારવો, લોકોને યોગ માટે પ્રોત્સાહિત કરવો અને રાજયના દરેક નાગરિકને સ્વસ્થ તથા નિરોગી જીવન તરફ દોરી જવાનો છે. યોગ પ્રસ્તુતિમાં ભાગ લેનાર સભ્યોમાં ગુજરાત રાજય યોગ બોર્ડના જિલ્લા કો–ઓર્ડેનેટર સાગર મહેતા, રીટા બહેન કાનાબર, ઈલા બહેન જોબનપુત્રા, કવિતા બહેન ચંદારાણા, શોભના બહેન પટેલ, રાધિકાબહેન ગોલ, આશાબહેન રૈયાણી, હીરવા બહેન રામાણી, અનિતા બહેન રામાણી, પ્રિતી બહેન સોની, પારૂલબહેન સાવલિયા, અલકા બહેન ભીમાણી, ભારતી બહેન, શિવાંશી બહેન તથા આસ્થા બહેન સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં મંત્રી જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પોલીસ અધિક્ષક સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ

# સાવરકુંડલાનાં હાથસણી માર્ગનું નવિનીકરણ કાર્ય શરૂ કરાયું

## જિલ્લા પંચાયત દ્વારા કામગીરી શરૂ કરાઈ



સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા શહેરનો મહત્વનો ગણાતો હાથસણી રોડ લાંબા સમયની પ્રતિક્ષા બાદ આખરે નવા રંગ રૂપ ધારણ કરવા જઈ રહ્યો છે. બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગને ફરી બનાવવા માટે જિલ્લા પંચાયત દ્વારા મંજૂરી મળતા હરિઓમ કન્સ્ટ્રકશન દ્વારા ગતરોજથી રોડના ખોદકામની કામગીરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ માર્ગને 'આઈકોનિક રોડ' બનાવવા માટે સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી, વોર્ડ નં. ૫ ના કાઉન્સિલર કેશવભાઈ બગડા, અશોકભાઈ ખુમાણ, નગરપાલિકા સદસ્ય પતિ કરસનભાઈ આલ, જીગ્નેશભાઈ ભરાડ તથા પૂર્વ સદસ્ય પ્રવિણભાઈ કોટીલા સહિતના અગ્રણીઓએ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને ભારપૂર્વક રજૂઆતો કરી હતી. આ સામુહિક પ્રયાસોના પરિણામે ડામર રોડનું કામ મંજૂર થતાં સ્થાનિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

હાથસણી રોડ માત્ર પરિવહન માટે જ નહીં, પરંતુ ધાર્મિક આસ્થા માટે પણ ખૂબ મહત્વનો છે. આ માર્ગ પર: ''વિશ્વ વિખ્યાત માનવ મંદિર,પરમ પૂજ્ય ઉષામૈયા સંચાલિત શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ). આગળ જતાં કુદરતી સૌંદર્યથી ભરપૂર શેલ દેદૂમલ ડેમ. જેવા સ્થળો આવેલા હોવાથી દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓની અવર જવર રહે છે. આ ઉપરાંત આ વિસ્તારમાં આશરે ૨૦ હજાર જેટલી જનસંખ્યા વસે છે, જેમને હવે ઉબડખાબડ રસ્તાઓથી મુક્તિ મળશે.

હાલ પ્રથમ તબક્કે ૨૩૦ મીટર જેટલો રોડ આરસીસી બનાવવામાં આવશે. પૂર્વ સદસ્ય ભાવેશભાઈ બગડા સહિત આ વિસ્તારના જાગૃત નાગરિકોએ અપેક્ષા વ્યક્ત કરી છે કે, કોન્ટ્રાકટર દ્વારા ટેન્ડરની તમામ શરતોનું ચુસ્ત પાલન કરવામાં આવે અને કામગીરી અત્યંત ગુણવત્તાયુક્ત થાય જેથી ભવિષ્યમાં લોકોને ફરી હાલાકી ભોગવવી ન પડે.

# ગોપાલગ્રામ ખાતે પૂ. શામજીબાપુના નિર્વાણ દિને બટુકભોજન કરાયું





ગોપાલગ્રામ, તા.૨૯

સતાધારનાં સિદ્ધ સંત પૂ. શામજીબાપુની ૪૩મી પુણ્યતિથિ નિમિત્તે ગોપાલગ્રામનાં ખેડૂત અગ્રણી દેવરાજભાઈ ધનજીભાઈ વાઘેલાનાં નિવાસસ્થાને શામજીબાપુનું પ્રતિમા પૂજન કરવામાં આવ્યું હતું. તેમનાં ખાંભા સ્થિત પૂત્ર અને ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટનાં યુવા ટ્રસ્ટી વિજય દેવરાજભાઈ વાઘેલા દ્વારા ઓ.પી.ઝાટકિયા હાઈસ્કૂલ, કુમાર શાળા, ભક્તિબા કન્યા શાળા તેમજ બાલવાટિકાનાં વિદ્યાર્થીઓને દરબાર ગઢ ખાતે ભાવપૂર્વક ભોજન – પ્રસાદ કરાવવામાં આવેલ. અત્રે આગેવાન શંભુભાઈ વાડદોરિયા, રાજુભાઈ બી.ઠુમ્મર ઉપસ્થિત રહ્યાં હતાં, ડી.ડી. વાઘેલા સાથે અરવિંદભાઈ ભોરીંગ,જગદીશભાઈ ગોહિલ, રમેશભાઈ વાઘેલા, ગોરધનભાઈ ચોટલિયા, જયસુખભાઈ માળવીએ સેવા આપી હતી.

### શ્રીજી વિદ્યાર્થી ભૂવનમાં સંવેદન ગૃપનાં સહયોગથી સ્વરાંજલિ

# અમરેલી ખાતે પ્રજાસત્તાક પર્વ પ્રસંગે 'રાષ્ટ્ર ગૌરવ ગાન' તેમજ 'મિટ્ટી કી ખુશ્બુ' કાર્યક્રમ યોજાયો

## સૈનિકોની પ્રેરણાદાયક હાજરીથી મેદાન જયહિંદનાં નારાથી ગુંજી ઉઠયું



અમરેલી, તા. ૨૯

દેશનાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ શ્રીજી વિદ્યાર્થી ભુવન તેમજ માનવસેવા અને રાષ્ટ્રધર્મને વરેલ સંસ્થા સંવેદન ગૃપ અમરેલીનાં સંયુક્ત ઉપક્રમે 'રાષ્ટ્ર ગૌરવ ગાન' તથા પેન્ટર ડી.જી.મહેતા કૃત કલા પ્રદર્શન 'મિટ્ટી કી ખુશ્બુ' રાખવામાં આવેલ. જેને અમરેલી લોકસભાનાં સાંસદ ભરતભાઈ સુતરિયા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરિયા, ડો. કાનાબાર, શીતલ આઈસ્ક્રીમના દિનેશભાઈ ભુવા, જીલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, મંત્રી ઈતેશભાઈ મહેતાએ પ્રારંભ કરાવેલ.અમરેલીનાં જાણીતાં ગાયક સિકંદરખાન પઠાણ, છાયાબેન મહેતા, વત્સ મહેતાએ સુરીલા સ્વર રેલાવી શ્રોતાઓને ડોલાવ્યા હતાં. જેનાં કારણે દેશની સરહદો સુરક્ષિત છે. એવાં યુવા સૈનિકો આફતાબ શેખ (વેસ્ટ બંગાળ), સન્ની મકવાણા (નેપાળ બોર્ડર), કૌશિક મહેતા (છતિસગઢ), હસન પઠાણ (કોબ્રા બટાલિયન આસામ)ની વિશેષ ઉપસ્થિતિએ વાતાવરણ જોષભર્યુ બન્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપના મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, ડો. ભાનુભાઈ કીકાણી, ડો. ચંદ્રેશ ખુંટ, મુકુંદભાઈ મહેતા, ભીખુભાઈ જોષી, નગરસેવક તુલસીભાઈ મકવાણા, અલકાબેન ગોંડલીયા, જયશ્રીબેન કાનાણી, દિવ્યેશ વેકરિયા, પ્રફુલ્લભાઈ બાટવિયા, ભાવેશભાઈ સોઢા, નાથુભાઈ ધાધલ, રાકેશ સાવલીયા, મુકેશ તેરૈયા, સપ્તક કલબના આશાબેન દવે, નીકુબેન પંડયા, કેવલ મહેતા, કિશોરભાઈ આજુગિયા, નીલદીપસિંહ ગોહિલ, સંજયભાઈ, પરેશભાઈ, વર્ષિલ મોવલિયા સહિત સેંકડો રાષ્ટ્રપ્રેમી ભાઈઓ–બહેનો તેમજ સંસ્થાનાં વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર માણ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં સંચાલક દિપકભાઈ વઘાસીયા, વિલાસબેન સાથે સંવેદન ગૃપનાં વિપુલ ભટ્ટી, ધર્મેન્દ્ર લલાડિયા, દિપક મહેતા, સંજય સવાણી, દિલીપ રંગપરાએ જહેમત ઉઠાવી હતી.

### ગામ ખરા અર્થમાં ગોકુળિયુ બની ગયુ

# સાવરકુંડલા : આદસંગ ગામમાં રૂપિયા ૫૦ લાખથી વધુનાં વિકાસકાર્યો પૂર્ણ થયા

## ''મન હોય તો ચોક્કસ માળવે જવાય'' તે નક્કી



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં સતત વિકાસની ગતિ જોવા મળી રહી છે. ખાસ કરીને સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે છેલ્લા સમયમાં થયેલા વિકાસકાર્યોને કારણે ગામનો ચહેરો સંપૂર્ણ બદલાઈ ગયો છે. આદસંગ ગામમાં ૫૦ લાખ રૂપિયાથી વધુના ખર્ચે વિવિધ વિકાસના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના કારણે ગામને ''સ્માર્ટ ગામ'' તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.

આદસંગ ગામ અગાઉ વર્ષો સુધી વિકાસથી વંચિત રહ્યું હતું. મૂળભૂત સુવિધાઓના અભાવે ગ્રામજનોને અનેક તકલીફોનો સામનો કરવો પડતો હતો. પરંતુ હવે ગ્રામ પંચાયત અને સ્થાનિક પ્રતિનિધિઓના પ્રયાસોથી ગામમાં સતત વિકાસના કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગામના દરેક ઘર સુધી પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવામાં આવ્યું છે, જે ગ્રામજનો માટે સૌથી મોટી રાહતરૂપ સાબિત થયું છે. સાથે જ તમામ ઘરોમાં ગટર લાઈન નાખવામાં આવતા સ્વચ્છતા અને આરોગ્યની દષ્ટિએ પણ નોંધપાત્ર સુધારો થયો છે.

ગામના આંતરિક રોડ રસ્તાઓનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે. પેપર બ્લોક તેમજ સીસી રોડ દ્વારા આખું ગામ સજાવવામાં આવ્યું છે, જેના કારણે અવરજવર સરળ બની છે. વરસાદી મોસમમાં કાદવ અને ધૂળની સમસ્યા હવે ભૂતકાળ બની ગઈ છે. ગામમાંથી પસાર થતો મુખ્ય માર્ગ ડબલ પટ્ટીનો બનાવવામાં આવતા વાહન વ્યવહાર વધુ સુવ્યવસ્થિત અને સુરક્ષિત બન્યો છે.

આદસંગ ગામની પંચાયત ઓફિસને પણ આધુનિક બનાવવામાં આવી છે. સ્માર્ટ અને ડિજિટલ પંચાયત ઓફિસ શરૂ થતાં હવે ગ્રામજનોને વિવિધ સરકારી કામગીરી માટે તાલુકા કે જિલ્લા મથકે જવું પડતું નથી. ખેડૂતો, સ્થાનિક લોકો અને ગ્રામજનોના કામો હવે ગામમાં જ સરળતાથી થઈ રહ્યા છે. ડિજિટલ સુવિધાઓને કારણે પારદર્શિતા વધી છે અને સમયની બચત પણ થઈ રહી છે.

આ વિકાસકાર્યો અંગે ચંદુ ગોલણભાઈએ જણાવ્યું હતું કે તેઓ ગ્રેજયુએશન સુધી અભ્યાસ કરેલ છે અનેજન્મથી જ આદસંગ ગામમાં રહે છે. તેમના જણાવ્યા મુજબ, આદસંગ ગામ વર્ષોથી વિકાસથી વંચિત હતું, પરંતુ હાલ જે રીતે સતત વિકાસના કામો થઈ રહ્યા છે તે જોઈને ગામ ખરેખર ખીલી ઉઠ્યું છે. લોકોના હિત માટેના કાર્યો થવાથી ગ્રામજનોમાં સંતોષ અને ઉત્સાહ જોવા મળે છે.

કુલ મળીને ૫૦ લાખથી વધુના ખર્ચે કરવામાં આવેલા આ વિકાસકાર્યોને કારણે આદસંગ ગામ આજે સુવિધાસભર, સ્વચ્છ અને આધુનિક બન્યું છે. આવનારા સમયમાં પણ આવા જ વિકાસકાર્યો ચાલુ રહે તેવી ગ્રામજનોની અપેક્ષા છે. આદસંગ ગામ આજે અમરેલી જિલ્લાના ગ્રામિણ વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ બની ઊભર્યું છે.

# લીલીયા મોટામાં આગામી દિવસોમાં હિન્દુ સંમેલન યોજાશે



અમરેલી, તા. ૨૯

લીલીયા મોટા ખાતે આવનાર દિવસોમાં ભવ્ય હિન્દુ સંમેલન યોજશે જેમના અધ્યક્ષ તરીકે કાંતિભાઈ શિંગાળાની વરણી કરવામાં આવી.

આર.એસ.એસ.ની સ્થાપના ના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે આખા દેશમાં યોજાઈ રહેલા હિન્દુ સંમેલનના માર્ગદર્શન તથા તૈયારીના ભાગરૂપે લીલીયાના BAPS મંદિર ખાતે લીલીયા અને આજુબાજુના ગામડાના સામાજિક, સેવાભાવી તથા ધાર્મિક આગેવાનોની એક અગત્યની બેઠક જિલ્લા કાર્યવાહ સૌરભભાઈ મકવાણા, અજયભાઈ માઢક, સુરેશભાઈ શેખલીયા, વિજયભાઈ ડાબસરા તથા ડો.મહેશભાઈ ગઢીયા અને રમેશભાઈ ભાલાળાના માર્ગદર્શન નીચે મળી હતી.જેમાં તેના પ્રમુખ તરીકે કાંતિભાઈ શિંગાળા ઉપપ્રમુખ તરીકે ગોવિંદભાઈ ચાવડા,મહેશભાઈ નાથાણી, બટુકભાઈ, મિતુલ દાદા, ભરતભાઈ વેગડ, તેમજ મંત્રી તરીકે વિઠ્ઠલભાઈ સહમંત્રી તરીકે રમેશભાઈ ભડકોલીયા, ભરતભાઈ શેલડીયા ખજાનચી તરીકે જીતુભાઈ પાઠક સહ ખજાનચી તરીકે સુરેશભાઈ મારૂ અને કારોબારી સમિતિ માં વિનુભાઈ દુધાત, જગદીશભાઈ કિકાણી, ભરતભાઈ નારોલા, અનિલભાઈ વાળા, ડોકટર ભાવનાબેન કુંભાણી, રંજનબેન ગાંગડીયા તથા પુષ્પાબેન સોળિયાનો સમાવેશ કરેલ.

સમગ્ર કાર્યક્રમ નું સુંદર સંચાલન કમલેશબાપુ અગ્રાવત તથા ગામના આગેવાનો પૂર્વ સરપંચ બાબુભાઈ ધામત, ભનુભાઈ ડાભી, જયપ્રકાશ માઢક, જીગ્નેશભાઈ સાવજ, નીતિનભાઈ ત્રિવેદી, જીતુભાઈ પોલારા, મગનભાઈ વિરાણી, માવજીભાઈ લહેરી, મનસુખભાઈ ચોપડા,મનસુખભાઈ વામજા, મનસુખભાઈ ગાંગડીયા, હિતેશભાઈ આંબલીયા, કમલેશભાઈ પડસારીયા નિલેશભાઈ શેખલીયા, ભદ્રેશભાઈ રાદડિયા દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રશ્મિકાંતભાઈ પટેલ અને પંકજભાઈ પટેલ દ્વારા

# અરે વાહ : ટીંબીની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને દર મહિને ૧ લાખનું અનુદાન આપશે

## ટ્રસ્ટી બી.એલ. રાજપરા, ડો.નટુભાઈ રાજપરાએ આભાર માન્યો



અમરેલી, તા. ૨૯

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) ન આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત ગામ.દિતલાના વતની અને હાલ, અમદાવાદ સ્થિત હોસ્પિટલના ઉદારદિલ દાતા બાલુભાઈ બી. પટેલ ( ડોબરીયા) ના પરીવારજનો રશ્મીકાંતભાઈ બી. પટલ (અમદાવાદ) અને પંકજભાઈ બી.પટેલ (અમેરીકા) તા. ૨૮/૧/૨૦૨૬ ના રોજ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. તેઓ હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યને રૂબરૂ નિહાળી પ્રભાવિત થઈને આજીવન પ્રતિમાસ રૂપિયા એક લાખ પુરા મુજબ (દર વર્ષ રૂા.બાર લાખ પુરા) નું અનુદાન આપવાનો સંકલ્પ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છ ક તેઓ દ્વારા દર વર્ષે રૂપિયા પાંચ લાખ પુરાનું અનુદાન પ્રાપ્ત થઈ રહયું છે. ઉપરાંત સીટી સ્કેન બિલ્ડીંગ માટ રૂપિયા અકવીસ લાખ નું અનુદાન પ્રાપ્ત થયલ છે. આ તક મેડીકલ સુપ્રિ. ડો.નટુભાઈ રાજપરા, ટ્રસ્ટી બી.એલ. રાજપરા, તથા ડો. જયેશ પટેલ દ્વારા 'મોમન્ટો' અને શાલ અર્પણ કરીન સન્માનિત કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટી મંડળે બાલુભાઈ બી. પટલ (ડોબરીયા) તથા તેમનાં પરીવારજનોનો હૃદયપૂર્વકનો અભાર વ્યકત કરેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

# બાબરાનાં સરકારી દવાખાનામાં વધુ સુવિધા ઉભી કરવામાં આવશે

## જિલ્લા કલેકટરે મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના હજારો નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક પરિવર્તન આવવા જઈ રહ્યું છે. બાબરામાં નિર્માણ પામનાર નવી અત્યાધુનિક સિવિલ હોસ્પિટલના પ્રોજેકટને ગતિ આપવા માટે અમરેલી જિલ્લાના લોકપ્રિય અને કાર્યદક્ષ કલેકટર વિકલ્પ ભારદ્વાજ તેમજ લાઠી પ્રાંત અધિકારી બાબરા મામલતદાર સહિતના સરકારી અધિકારીઓએ બાબરા સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર શિષ્ટાચાર પૂરતી નહીં, પણ બાબરાના વિકાસ માટે એક મહત્વનું પગલું સાબિત થઈ છે.મુલાકાત દરમિયાન કલેકટરએ હોસ્પિટલના તમામ વિભાગોનું નિરીક્ષણ કરી નવી બિલ્ડીંગના નકશા અને લોકેશન અંગે ગહન ચર્ચા કરી હતી. તેમણે હોસ્પિટલના તંત્રને સૂચના આપતા જણાવ્યું હતું કે, 'નવી બિલ્ડીંગનું નિર્માણ એવી રીતે થવું જોઈએ કે જેમાં દર્દીઓની સુવિધા સર્વોપરી હોય.' હોસ્પિટલમાં સુવિધાઓ વધારવા માટે તેમણે ઓન–ધ–સ્પોટ જરૂરી ટેકનિકલ માર્ગદર્શન પૂરૂં પાડી વહીવટી પ્રક્રિયાને તેજ બનાવવાના આદેશ આપ્યા હતા.બાબરા સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડો. સાકીર વ્હોરા ધ્વારા હોસ્પિટલ નિર્માણ બાબતે થતી કાર્યવાહી બાબતે જણાવ્યું હતું ,અત્રે નોંધનીય છે કે, બાબરામાં વર્ષોથી એક મોટી અને આધુનિક હોસ્પિટલની જરૂરિયાત હતી. આ જરૂરિયાતને સમજીને સ્થાનિક લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તલાવીયાએ દિવસ–રાત એક કરીને રાજય સરકારમાં ધારદાર રજૂઆતો કરી હતી. તેમના ભગીરથ પ્રયાસો અને તનતોડ મહેનતને કારણે રાજય સરકાર ધ્વારા નવી સિવિલ હોસ્પિટલ માટે માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.ધારાસભ્યના આ વિઝનને સાકાર કરવા હવે જિલ્લા વહીવટી તંત્ર મક્કમ બન્યું છે. કલેકટરની મુલાકાત બાદ બાબરા સિવિલ હોસ્પિટલનું વહીવટી તંત્ર પણ સક્રિય બન્યું છે. નવી બિલ્ડીંગના નિર્માણ માટેની ધારાસભ્યના પૂરતા પ્રયાસો થકી સિવિલ હોસ્પિટલની બાજુમાં આવેલ પથિકાશ્રમની જગ્યા સરકારી હોસ્પિટલ બનાવવા કલેકટર ધ્વારા હુકમ કરેલ છે અને આ નવી હોસ્પિટલ બનવાથી બાબરા પંથકના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ઘર આંગણે જ તમામ સુવિધાઓ મફત અને ગુણવત્તાયુક્ત મળી રહેશે.

### સર્વજન હિતાય સેવા સંસ્થાન દ્વારા

# આટકોટ ખાતે આગામી ૮ માર્ચનાં રોજ સર્વજ્ઞાતી સમુહલગ્નોત્સવ યોજાશે

## ૧૦ ફેબ્રુઆરી સુધીમાં નોંધણી કરાવવા જણાવાયુ

બાબરા, તા. ૨૯

આટકોટ : માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતી સંસ્થા ''સર્વજન હિતાય સેવા સંસ્થાન'' દ્વારા આગામી તારીખ ૮/૩/૨૦૨૬ના રોજ ૧૨મા ભવ્ય સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ આ નવદંપતીઓને સંસ્થા તરફથી ભવ્ય કરિયાવર ભેટ આપી દીકરીઓને સાસરે વળાવવામાં આવશે. આ મંગલમય પ્રસંગે પૂજય સંતો–મહંતોના આશીર્વાદ પ્રાપ્ત થશે, સાથે જ રાજકીય અને સામાજિક ક્ષેત્રના નામી–અનામી અગ્રણીઓ ઉપસ્થિત રહી નવયુગલોને સુખી જીવનના આશીર્વાદ પાઠવશે. આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાના સ્વયંસેવકો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સમૂહ લગ્નમાં જે જોડાવવા ઈચ્છતા હોય તેવા પરિવારોએ તારીખ ૧૦/૨/૨૦૨૬ સુધીમાં નોંધણી કરાવી લેવી. નોંધણી માટે વૃંદાવન પેટ્રોલિયમ, કોટડાપીઠા ખાતે વિરેનભાઈ (મો. ૯૪૨૬૩ ૬૨૪૪૯) અથવા આટકોટ ખાતે ડો. નરોડિયા (મો. ૯૪૨૬૪ ૬૦૮૧૦)નો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ પ્રભાતભાઈ ડી. કોઠીવાળની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અમરેલી :ટ્રાન્સપોર્ટ વાહનની સીરિઝ માટે એ.આર.ટી.ઓ દ્વારા ઇ–ઓક્શન પ્રક્રિયા યોજાશે

અમરેલી, તા. ૨૯

અમરેલી એ.આર.ટી.ઓ. ધ્વારા ટ્રાન્સપોર્ટ વાહનની નવી સિરીઝ જીજે–૧૪–એટુજેડ–0001–૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૪ કલાકથી તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬એ જાહેર થશે.ઓનલાઈન ઈ– ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન. એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.આર.બી.આઈ. ધ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પધ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય. તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટયુબમાં ઈ– ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય. તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ) 24/7 Emergency Services
કાર્યરત વિભાગો
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | આયુર્વેદ વિભાગ | પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન | ઈ.એન.ટી (કાન-નાક -ગળા) | આંખ વિભાગ
લેબોરેટરી | જનરલ સર્જરી | ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ | સ્કિન વિભાગ (ચામડીના રોગ) | દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ | ફિઝીયોથેરાપી વિભાગ
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## વ્હેલી સવારથી બપોર સુધી ફુંકાયેલા બરફીલા પવનોને કંપન જમાવ્યુ

# શિયાળાનાં અંતિમ તબક્કે કાતિલ ઠારે જનજીવનને બાનમાં લીધુ

**અમરેલી, સાવરકુંડલા તેમજ ગીરકાંઠાનાં વિસ્તારમાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત**

**મોર્નિંગ વોક કરનારાઓએ સમય બદલ્યો કાં તો વોકિંગ બંધ કરી દીધુ**

**વૃધ્ધો તથા શરદી અને શ્વાસની બીમારી ધારકો માટે ઠાર વધુ ચિંતાજનક**

**જો કે આગામી બેથી ત્રણ દિવસમાં ઠંડીનું પ્રમાણ ઘટવાની પણ સંભાવના**






અમરેલી, તા.૨૮

અમરેલી શહેર જાણે કે અંધેરી નગરી હોય તેમ જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા વચ્ચે માર્ગ–મકાન વિભાગ ધ્વારા નિયમોનો ઉલાળીયો કરીને બનાવાતા માર્ગોને લઈને શહેરનાં વાહનચાલકો માટે માર્ગો અગ્નિપથ સમાન બની ગયા છે.

શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી ચિતલ રોડ, વરસડા રોડને પહોળા અને નવા બનાવવાની કામગીરી આડેધડ કરવામાં આવી છે. માર્ગ કોણ બનાવે છે, કેવો બનાવવાનો છે, ક્યારે કામ પૂર્ણ થશે તેની વિગતો જાહેર કરાતી નથી. સુરક્ષાનાં તમામ નિયમોનો ઉલાળીયો ખુલ્લેઆમ થઈ રહ્યો છે અને એકપણ જનપ્રતિનિધિ સરકારી અધિકારીને પ્રશ્ન કરતાં નથી અને જાગૃત નાગરિકોને સરકારી અધિકારીઓ સત્તાનાં મદમાં જવાબ આપતા નથી.

દરમિયાનમાં અમરેલીનાં ચિતલ રોડ ઉપર એરપોર્ટની દીવાલ નજીક નવો માર્ગ બની રહ્યો છે. ઠેબી જળાશયની જોખમી ગોળાઈ પસાર કરીને શહેરમાં પ્રવેશ કરનાર વાહનચાલકોને માટીનાં બનેલ સ્પ્રીડ બ્રેકરનો સામનો કરવો પડે છે. એક તો વન–વે હોય તેમાં માટીનાં સ્પીડ બ્રેકર દિવસે તો થોડા નજરે ચડે પરંતુ રાત્રિનાં સમયે માટીનાં સ્પીડ બ્રેકર વાહનચાલકને

અનુસંધાન પાના ૬ ઉપર

## ત્રીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

# ધારીનાં જીરા ખાતે ૧૧ વર્ષ પહેલા જીવણેલ ઈજા કરનાર ૪ આરોપીઓને ૧૦ વર્ષની સજા


**સરકારી એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ રહી**

અમરેલી, તા.૨૯

ધારીનાં જીરા ખાતે ૨૨ ફેબુઆરી ૨૦૧૫નાં રોજ ૪ ઈસમોએ ગેરકાયદેસર મંડલી રચી ફરિયાદી સુરેશભાઈ કદાભાઈ વાડદોરીયા સહિતનાં ઉપર હુમલો કર્યા અંગેની ફરિયાદ ધારી પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ જે અંગેનો કેસ અમરેલી જિલ્લાનાં ત્રીજી એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેક્નોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આશિર્વાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"

naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ▪ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1 (Experience : 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience : 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience : 1-2 Years)
- Liaisoning Officer - 1 (Experience : 1-2 Years (Male))
- Junior Accountant - 1 (Experience : 1-2 Years)
- Trainer – 2 (Experience : 1-2 Years)
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના–મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.
એજન્ટ/ પત્રકારની નિમણુંક કરવાની છે
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમની મુદ્દત તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)